GUJARATI LEKHÁNS

OR

MENTAL ARITHMETIC

PART-II

BY

A. R. DESAI.

2nd EDITION.

AHMEDABAD.

Printed at the Sarasvati Printing Press.

A. D. 1895 Samvat. 1952

સૂચના.

આંક અથવા ગુણાકાર શીખવવાની સાથે સરવાળા બાદબાકી અને તેમનો ઉપયોગ ચલાવતા રહેવું; તેના મનોયત્નોનો, અથવા તેવી જાતના બીજા દાખલાઓનો હમેશ મહાવરો રખાવવો. પા, અર્ધું, પોણું, અને ટુંકી ટુંકી પાનો વાળી રકમ ઉમેરતાં ને ~~બાદ કરતાં~~ શીખવીને પછી પાનો વાળા આંક શરૂ કરવા.

પાયાના આંક પહેલાંથી શીખવાય તો એકથી પચીસ સુધીની તમામ પાનોવાળી રકમોનું છોકરાંને જ્ઞાન થાયછે, અને પછી બીજા પાનોવાળા આંક સમજવા કઠણ પડતા નથી; માટે તે અનુક્રમે લખ્યા છે. તેમનો ઉપયોગ સાથેજ શીખવવો.

ઘાતો જેટલી આપીછે તે બધી બરાબર મોઢે કરાવવાની છે; અને ત્રીજા ધોરણમાં લેખાં શરૂ થાય તે પહેલાં તે ઘાતોના જૂદા જૂદા હિસાબો પૂછીને તેમના મનમાં પક્કી ઠસાવવી જોઇએ. ઘાતોનો અર્થ છોકરાં બરાબર સમજે છે કે નહિં તે ઉપર બહુજ લક્ષ આપવું; તેટલા માટે આ આવૃતિમાં વધારો કર્યો છે.

જે જાતના હિસાબો આમાં મુક્યાછે, તે ઉપરાંત વખત પ્રમાણે બીજી અનેક રીતના સહેલા અને રોજના ઉપયોગના હિસાબો તેમને મોઢેથી કરાવવા.

હાઇસ્કુલ અમદાવાદ.
નવેંબર ૧૮૮૫ } **અમીધર રણછોડજી દેશાઈ.**

નિશાનીઓ અથવા ચિન્હો.

+ વત્તા, એટલે ઉમેરવાના.

− ઓછા, એટલે પહેલી રકમમાંથી બીજી બાદ કરવાની.

× ગુણ્યા, એટલે બે રકમોનો ગુણાકાર કરવાનો.

÷ ભાગ્યા, એટલે પહેલીને બીજીએ ભાગવાની.

= બરાબર, એટલે બે તરફની રકમોની કિંમત સરખી.

રૂ. એટલે રૂપીઆ, દિ. એટલે દિવસ. ઇ.(આખા શબ્દને માટે પહેલો અક્ષર.)

૬૯૪

ધોરણ ૨ જું.

મનોયત્ન (૧). પુનરાવર્તન.

૧. એક બારીમાં ૮ કાચ છે. આખા ઘરમાં એવી ૨૪ બારીઓ છે. તો કાચ કેટલા હશે?

૨. એક ચોપડીમાં ૧૧ પાનાં છે, એવી ૯ ચોપડીઓનાં મળીને કેટલાં પાનાં થાય?

૩. એક અઠવાડીઆના ૭ દિવસ થાય, તો ૨૯ અઠવાડીઆના દિવસ કેટલા થાય?

૪. એક આનાના ૪ પૈસા મળે, તો ૧૬ આનાના કેટલા મળે?

૫. એક પૈસાની ૩ કેરીઓ મળે છે. મેં ૧૨ કેરીઓ લીધી; કેટલા પૈસા આપું?

૬. પાઈની ૨ પેનો મળે છે, મેં ૧૦ પેનો લીધી; કેટલાપૈસા આપું?

૭. ૨ પૈસાની ૧ નારંગી મળે છે, તો ૩૬ નારંગીની કિંમત શી?

૮. ૧૨ લાડુમાંથી ૫ જણને બબ્બે લાડુ આપ્યા. કેટલા વધ્યા?

૯. મારી પાસે ૭૫ કેળાં છે. અકેક જણને ૪ કેળાં આપવાં છે, ને માણસો ૧૯ છે. ખૂટશે કે વધશે? કે બરાબર થશે?

૧૦. મારી પાસે ૧૯ સોપારી છે, તે દરેકના ૯, ૯, કડકા કર્યા તો કુલ કેટલા કડકા થયા?

૧૧. મારી પાસે પાન ૩ છે, ને માણસો ૯ છે, તો બીડીઓ એક પાનની કેટલી કરવી એટલે બધાને અકેકી પહોંચે?

૧૨. મારી પાસે ૨૦ દાડમ હતાં, તેમાંથી બે છોકરા દરેક ૩–૩ લઈ ગયા; ૨ છોડીઓએ દરેકે ૨–૨ લીધાં. હવે કેટલાં રહ્યાં?

૧૩. મારી પાસે ૧૫ ચોપડીઓ છે દરેકને ૩–૩ આપું તો કેટલા છોકરાને પહોંચે?

૧૪. મારી પાસે ૧૬ રૂ. હતા, તેમાંથી મેં ત્રણ ત્રણ રૂપીઆ વાળી ૫ ટોપીઓ લીધી હવે કેટલા રૂપીઆ રહ્યા?

૧૫. ૧૮ માણુસો છે, ને ૯ પાટલા છે. એકેક પાટલાપર એકેક બેસે તો કેટલાં માણસ વધે? ને એક પાટલા ઉપર બબે માણસ બેસે તો પાટલા કેટલા વધે?

૧૬. ૭ પૈસાની ૧ લેખે ૨૫ નારંગીના કેટલા પૈસા બેસે?

૧૭. એક માણુસ ૩ પાકીટ ઉપાડી શકે છે, અમારી પાસે તેવાં ૨૧ પાકીટ હતાં; તો કેટલાં માણુસ લગાડયાં હશે?

૧૮. એક મજૂર ને ૩ પૈસા આપવા પડે, તો ૭ મજૂર ને શું આપવું પડશે?

૧૯. એક કોથળીમાં ૧૦ રૂ. માયછે, તેવી ૪૦ કોથળીઓમાં કેટલા માય?

૨૦. મારી પાસે ૪૦ રૂપીઆ છે, ને એકેક ટોપીના ૫ રૂ. બેસે છે, તો બધા રૂપીઆની મને કેટલી ટોપીઓ મળશે?

૨૧. બજારમાંથી મેં ૧૫ કાગળો લીધા; ને એક પૈસાના ૩ કાગળો ઠરાવ્યા. મારે કેટલા પૈસા આપવાના?

૨૨. ૨ રૂ. ની એક ખુરસી મળે છે. મેં ૩૨ ખુરસીઓ લીધી, તો કેટલા રૂપીઆ આપ્યા હશે?

૨૩. મારી પાસે ૨૪ કેળાં છે, ને એક પૈસાનાં બે લેખે વેચવાં છે, મને શું ઉપજશે?

મનોયત્ન (૨)

૧. કોઇ રકમમાં ૧૦ ઉમેરવા હોય તો દશકમાં એક વધારવો.

૧. ૧૨ ને ૧૦ કેટલા? ૨૨ ને ૧૦ કેટલા થાય?

૨. મારી પાસે ૭૬ રૂ. હતા, ને ૧૦ આવ્યા, કેટલા થયા?

૩. ૪૪ ને ૧૦ કેટલા? ૨૬ ને ૧૦ કેટલા? ૫૮ ને ૧૦?

૨. દશથી વધારે ઉમેરવા હોય તો પહેલા ૧૦ ઉમેરી પછી બીજા વધારાના ઉમેરવા.

૪. ૧૫ ને ૧૧ કેટલા? પંદર ને દસ=પચીસ, ને એક છવીસ.

૫. ૧૬ ને ૧૨ કેટલા?

૬. ૨૫ ને ૧૩ કેટલા?

૭. ૨૮ ને ૧૭ કેટલા?

૮. ૪૯ ને ૧૯ કેટલા?

૯. ૭૧ ને ૧૧ કેટલા?

૧૦. ૨૮ ને ૧૪ કેટલા?

૧૧. ૩૭ ને ૧૬ કેટલા?

૧૨. ૫૫ ને ૧૮ કેટલા?

૧૩. ૫૧ ને ૧૫ કેટલા?

૧૪. ૪૧ ને ૧૯ કેટલા?

૩. બે સંખ્યાનો સરવાળો કરવો હોય ત્યારે મોટી પહેલી લેવી ને નાની બીજી મૂકવી.

એને બાર, એટલે બાર ને બે=૧૪.

૧૫. ૫ ને ૧૩ કેટલા?

૧૬. ૪ ને ૧૭ કેટલા?

૧૭. ૧૧ ને ૩૭ કેટલા?

૧૮. ૧૯ ને ૫૮ કેટલા?

૧૯. ૬ ને ૧૭ કેટલા?

૨૦. ૫ ને ૨૧ કેટલા?

૨૧. ૧૬ ને ૪૧ કેટલા?

૨૨. ૧૭ ને ૪૭ કેટલા?

૨૩. ૧૨ માં ૮૪ ઉમેરીએ તો કેટલા થાય?

૨૪. ૧૩ માં ૭૭ ઉમેરીએ તો કેટલા થાય?

૪. કોઈ સંખ્યામાં તેટલાજ ઉમેરવા હોય તો દૂ ગણવું.

૨૫. ૨૨+૨૨ ? ૩૬+૩૬ ? ૯+૯? ૧૫+૧૫ ? ૨૭+૨૭ ? ૩૮+૩૮ ? ૨૯+૨૯ ?

બાદબાકી.

૫. દશ બાદ કરવા હોયતો દશક એક ઓછો કરવો.

૨૬. ૨૮ માંથી ૧૦ જાય તો કેટલા રહે? ૧૨–૧૦ કેટલા?

૨૭. ૩૪ માંથી ૧૦ જાયતો કેટલા રહે? ૪૮–૧૦ ,, ?

૨૮. ૯૪ માંથી ૧૦ જાયતો કેટલા રહે? ૭૯–૧૦ ,, ?

૨૯. ૭૦ માંથી ૧૦ જાયતો કેટલા રહે? ૯૯–૧૦ ,, ?

૬. દશાથી વધારે બાદ કરવાની હોય તો, પહેલા દશક બાદ કરી, પછી બીજા વધારાના બાદ કરવા.

૨૧ માંથી ૧૧ જાય તો કેટલા રહે? ૨૧−૧૦=૧૧,−૧=૧૦.

૩૦. ૩૮ માંથી ૧૨ જાય તો કેટલા રહે? ૨૭−૧૨ કેટલા?

૩૧. ૩૯ માંથી ૧૩ જાય તો કેટલા રહે? ૪૭−૧૫ કેટલા?

૩૨. ૫૬ માંથી ૧૭ જાય તો કેટલા રહે? ૬૯−૨૦ કેટલા?

૩૩. ૮૧ માંથી ૧૬ જાય તો કેટલા રહે? ૭૭ માંથી ૧૪ જાય તો શું રહે?

૩૪. ૯૪ માંથી ૧૮ જાય તો કેટલા રહે? ૪૨ માંથી ૧૯ જાય તો શું રહે?

૩૫. ૪૨ માંથી ૨૦ જાય તો કેટલા રહે? ૪૪ માંથી ૧૫ જાય તો શું રહે?

૩૬. ૪૭ માંથી ૧૩ જાય તો કેટલા રહે? ૧૮ માંથી ૧૩ જાય તો શું રહે?

---

૩૭. મારી પાસે ૩૨ પૈસા છે; બીજા ૧૭ આવે તો કેટલા થાય?

૩૮. હું ઘેરથી કેટલાક પૈસા લઇને નીકળ્યો; તેમાંથી ૧૫ ખર્ચ્યા, તોપણ ૨૫ વધ્યા; હું કેટલા લઇને નીકળેલો?

૩૯. એક માણસ ૧૯ વર્ષે પરણ્યો, એને પરણ્યાને હાલ ૧૮ વર્ષ થયાં. હાલ તેની ઉંમર કેટલી હશે?

૪૦ ૪૮ બકરાં ચરવા ગયાં, ને વાડામાં હજી ૧૭ બાંધ્યાં છે; કુલ કેટલાં હશે?

૪૧. મેં ૨૮ પૈસાની નારંગી, ૯ પૈસાનાં જામ, ને ૧૭ પૈસાની કેરી લીધી; કુલ કેટલું ખર્ચ થયું?

૪૨. મારી પાસે ૧૮ ચોપડીઓ હતી; અને બીજી ૧૩ આવી એટલે કેટલી થઇ?

૪૩. ગઈ કાલે કલાસમાં ૨૩ છોકરા હતા, આજ બીજા ૧૪ દાખલ થયા; કુલ નામ કેટલાં થયાં ?

૪૪. ગયા મહિનામાં ૧૫ છોકરા હતા. આ મહિનામાં ૭ નવા દાખલ થયા, અને ૫ ઉઠી ગયા; હાલ કલાસમાં કેટલા છોકરા હશે ?

૪૫. મારે ઘેર જમવામાં આજ ૩૫ ભાયડા, ને ૧૭ બાઇડીઓ હતી. કુલ કેટલાં માણસ થયાં ?

૪૬. ૮ છોકરા, ને ૧૨ છોડીઓ છે. દરેકને ૩–૩ પેંડા આપીએ તો કેટલા વરે ?

૪૭. ૧૭ ગાયો છે, ને ૧૨ વાછરડા છે, એ બધાંના પગ કેટલા થાય ?

૪૮. ૧૨ ઘોડા, ૫ ગાયો, ને ૭ બકરાં મારે ઘેર છે. દરેક ને ૫ પૂળા ઘાસ નાંખીએ તો કેટલા પૂળા વરે ?

૪૯. છોકરાને છોડીઓ મળીને ૨૮ છે; તેમાં ૧૨ છોડીઓ છે; છોકરાઓ કેટલા હશે ?

૫૦. ૪ છોકરાઓ છે; તે દરેકને ૫ પેંડા આપીએ તો ૧૨ પેંડા વધે છે. મારી પાસે કેટલા પેંડા છે ?

૫૧. મારી પાસે ૫૦ પેંડા હતા, તેમાંથી ૧૫ છોકરાને દરેકને ૧–૧ આપ્યો, તો કેટલા વધ્યા ?

૫૨. ૧૨ છોકરા ને ૧૩ છોડીઓ છે, દરેકને ૫ પેંડા આપવા છે; કેટલા જોઇએ ?

૫૩. ૩૦ પૈસા હતા; તેમાંથી દરેકના ૩ પૈસા આપીને ૬ નારંગીઓ લીધી, ત્યારે કેટલા પૈસા વધ્યા ?

૫૪. મારે ૫–૫ પેંડા દરેક છોકરાને આપવા છે. છોકરા ૭ છે, ને મારી પાસે પેંડા ૧૭ છે; બીજા કેટલા જોઇએ ?

૫૫. ૨૭ માણસો જમવા બેસવાના છે, ને ૧૮ પાટલા છે. બીજા કેટલા પાટલા જોઇએ ?

૫૬. દરેકે ૯ પૈસા કાઢીને ૯ છોકરાએ ઉજાણી કરી; તેમાંથી

૧૭ પૈસા વધ્યા. ત્યારે ખરચ કેટલા થયા?

૫૭. ૯૬ પૈસા હોય તો ૭ ૭ પૈસાવાળી કેટલી નારંગીઓ મળે?

૫૮. મેં ૪ નારંગી લીધી, ને ૭ દાડમ લીધાં; દરેક નારંગી ના ૪ પૈસા આપ્યા, ને દરેક દાડમના ૫ પૈસા આપ્યા. કેટલા વધ્યા?

૫૯. ૧૮ છોકરા ને ૯ છોડીઓ છે. છોકરાની શી ૪ પૈસા ને છોડીની બે પૈસા હોય, તો કેટલા પૈસા ઉપજે?

મનોયત્ન. ૩.

અર્ધું, પા, પોણું (ખરેખરું ફળ લાવીને શીખવવું.)

૧. એક જમરૂખ બે છોકરા વચ્ચે સરખે ભાગે વહેંચીએ તો દરેકને કેટલું આવે?

૨. એક લાડુ બે જણે સરખો વહેંચી લીધો. દરેકને કેટલો આવ્યો?

૩. એક આખી પેન બે છોકરાંને સરખી વહેંચી આપી, દરેકને કેટલી આવી?

૪. બે અર્ધી પેનો એકઠી કરીએ તો આખી પેનો કેટલી થાય?

૫. અર્ધી પેન તે આખી પેનનો કેટલામો ભાગ?

૬. એક પેંડો બે જણ વચ્ચે સરખો વહેંચીએ તો દરેકને કેટલો આવે?

૭. બે અર્ધા પેંડા એકઠા કરીએ તો આખા કેટલા થાય?

૮. બે આખી પેનો હોય તેમાંથી અર્ધી અર્ધી કેટલી પેનો થાય?

૯. એક આખી પેન ને એક અર્ધી તે કેટલી કહેવાય?

(દોઢ)

૧૦. દોઢ લાડુ હોય, ને તેમાં બીજો એક અર્ધો ઉમેરીએ તો કેટલો થાય?

૧૧. બે આખામાં એક અર્ધો નાંખીએ, તો કેટલો થાય?

(અઢી)

૧૨. અઢીને અર્ધો કેટલા?

૧૩. ત્રણને અર્ધો? કેટલા અર્ધા હોય તો ૪ાા થાય?

૧૪. ૩-૪-૫-૬ આખાના અર્ધા કેટલા? ૧૭ અર્ધાના આખા કેટલા?

---

૧૫. એક લાડુના ૪ સરખા ભાગ કરીએ તો દરેક ભાગ કેટલો?

૧૬. એક અર્ધા લાડુના બે સરખા ભાગ કરીએ તો દરેક ભાગ કેટલો?

૧૭. એક પા લાડુમાં બીજો પા ઉમેરીએ તો કેટલો થાય?

૧૮. એક લાડુના ૪ ચોથા ભાગ એકઠા કરીએ તો કેટલા થાય?

૧૯. બે પા માં એક પા ઉમેરીએ તો કેટલા થાય?

૨૦. પોણામાં એક પા ઉમેરીએ તો શું થાય?

૨૧. એકમાં પા ઉમેરીએ તો કેટલા થાય?

૨૨. ૧ા માં ૦ા ઉમેરીએ તો શું થાય?

૨૩. ૧ માં ૦ાા ઉમેરીએ તો શું થાય?

૨૪. એક આખો ને ૩ પા, એ કેટલા થયા?

૨૫. બે લાડુમાંથી કેટલો લાડુ લઇએ તો ૧ાા રહે?

૨૬. મારી પાસે ૦ા રૂ. હતો. ને બીજો ૦ા રૂ. મને મળ્યો, મારી પાસે કેટલા રૂપીઆ થયા?

૨૭. એક માણસે ૦ાા લાડુ લીધો. પછી બીજો ૦ાા લીધો, ને વળી ૦ા લીધો. બધો મળીને કેટલો લાડુ લીધો?

૨૮. ૨ ને ૦ા, ૪ ને ૦ા, ૮ ને ૦ા, ૪૫ ને ૦ા, કેટલા?

૨૯. ૩ ને ૦ાા, ૮ ને ૦ાા, ૨૭ ને ૦ાા, ૫૬ ને ૦ાા, કેટલા?

૩૦. ૭ ને ૦ાાા, ૧૯ ને ૦ાાા, ૨૮ ને ૦ાાા, ૬૩ ને ૦ાાા, કેટલા?

૩૧. ૧ા ને ૧, ૪ા ને ૧, ૧૮ા ને ૨, ૨૫ા ને ૩, કેટલા?

૩૨. ૩ાા ને ૧, ૫ાા ને ૨, ૨૪ાા ને ૩, ૩૮ાા ને ૪, કેટલા?

૩૩. ૧ાાા ને ૧, ૨ાાા ને ૧, ૭ાાા ને ૨, ૧૮ાાા ને ૪, કેટલા?

૩૪. ૧ ના ૧૧ ઉમેરીએ તો શું થાય? (એક ઉમેરીને ૦। ઉમેરો.)

૩૫. ૩। માં ૧। ઉમેરીએ તો કેટલું થાય?

૩૬. ૨॥ માં ૧। ઉમેરીએ તો કેટલું થાય?

૩૭. ૧૩॥ માં ૧। ઉમેરીએ તો કેટલું થાય?

૩૮. ૧૮॥। માં ૧। ઉમેરીએ તો કેટલું થાય?

૩૯. ૧॥ ને ૧॥ કેટલા? ૪૦. ૪॥ ને ૧॥ કેટલા?

૪૧. ૬ ને ૧॥ કેટલા? ૪૨. ૧૮ ને ૧॥ કેટલા?

૪૩. ૨૫॥ ને ૧॥ કેટલા?

૪૪. ૧ ને ૨॥ કેટલા? (૧ ને ૨=૩, ને ૦॥=૩॥.)

૪૫. ૨॥ ને ૨॥ કેટલા? (૨॥+૨=૪॥,+૦॥=૫.)

૪૬. ૭॥ ને ૨॥ કેટલા? ૧૨॥ ને ૨॥ કેટલા?

૪૭. ૪૫ ને ૨॥ કેટલા? ૬૭॥ ને ૨॥ કેટલા?

૪૮. ૭૨॥ ને ૨॥ કેટલા? ૯૦ ને ૨॥ કેટલા?

૪૯. ૩॥ ને ૩॥ કેટલા? (૩॥+૩=૬॥,+૦॥=૭.)

૫૦. ૧૦॥ ને ૩॥ કેટલા થાય? ૨૧ ને ૩॥ કેટલા થાય?

૫૧. ૩૫ ને ૩॥ કેટલા થાય? ૮૦॥ ને ૩॥ કેટલા થાય?

૫૨. ૫૨॥ ને ૩॥ કેટલા થાય? ૧૦૮॥ ને ૩॥ કેટલા થાય?

---

૫૩. ૩॥ ગજ લૂગડું હતું, બીજું ૩॥ ગજ લીધું, તો કેટલું થયું?

૫૪. એક માણસ પાસે ૧॥ શેર ઘી હતું, તેમાંથી ૦॥ શેર વાપર્યું. કેટલું રહ્યું?

૫૫. ૩॥ રૂપીઆમાંથી ૦। રૂપીઓ ખોયો. કેટલા રહ્યા?

૫૬. ૪। મણ ઘઉં ને ૧॥ મણ બાજરી મળીને કુલ કેટલા મણ થયા?

૫૭. ૩॥ મણ ઘી લીધું, તેમાંથી ૧। મણ વેચ્યું. કેટલું ઘી રહ્યું?

૫૮. ૧॥ રૂપીઆની ટોપી લીધી. ૦॥ રૂપીઆની ચોપડી લીધી, ને ૦। રૂપીઆના કાગળ લીધા. કુલ કેટલું ખર્ચ કર્યું?

૫૯. એક માણસને મારે ૪॥ રૂ. દેવા હતા, તેમાંથી ૨ આ-

પ્યા. બીજા કેટલા દેવા રહ્યા?

૬૦. એક માણસે ૨॥ શેર દૂધ લીધું, ને તેમાં ૧। શેર પાણી મેળવ્યું; એ એકઠું કેટલું થયું?

૬૧. મારો ૧॥ ગજનો કોટ, ૧॥ ગજનું પાટલૂન, ને ૦॥ ગજની ટોપી થાય છે. તો એ ત્રણે કરાવવામાં કેટલું લૂગડું જોઇએ?

૬૨. એક મજુરે ૧॥ દિવસ કામ કર્યું; વળી બીજી વાર ૨॥ દહાડા કામ કર્યું; ત્યારે કુલ કેટલા દિવસના પૈસા માગે?

૬૩. એક ઘાઘરીમાં ૨॥ ગજ લૂગડું જોઇએ, તો ૨ ઘાઘરીઓમાં કેટલું જોઇએ?

૬૪. એક ચોપડી મેં ૨॥ રૂ. એ લીધી ને ૩॥ રૂ. એ વેચી; મને કેટલો ફાયદો થયો?

૬૫. મેં એક ટોપી ૪॥ રૂ. એ વેચી તેથી જે મેં ખર્ચ્યું હતું તેના કરતાં મને ૧॥ રૂપીઓ વધારે ઉપજ્યો; મેં કેટલે લીધેલી?

૬૬. એક વાસણમાં ૯ મણ દૂધ છે. બીજામાં ૧॥ મણ છે; બધું એકઠું કરીએતો કેટલું થાય?

૬૭. ૦॥ મણ ઘીમાં બીજું ૦॥ મણ ઉમેરીએ તો કેટલું થાય?

૬૮. વળી બીજું ૦॥ મણ ઉમેરીએ તો કેટલું થાય?

૬૯. એક માણસે મને ૫॥ મણ ઘઉં આપ્યા. તેમાંથી ૦॥ મણ ઘઉં મેં વાપર્યા. હવે કેટલા મણ ઘઉં રહ્યા?

૭૦. હું ઘેરથી ૩॥ રૂપીઆ લઇને નીકળ્યો; તેમાંથી રૂપીઆ ૦॥ ના ઘઉં લીધા, ને રૂપીઆ ૧॥ની બાજરી લીધી; મારી પાસે કેટલા રૂપીઆ વધ્યા?

૭૧. મારે એક માણસને ૧॥ રૂ. આપવાનો હતો; મેં તેને ૨ રૂપીઆ આપ્યા. હવે એ મને શું પાછું આપે?

૭૨. ત્રણ માણસ છે; દરેક પાસેથી રૂ. ૦। લઇએ તો કેટલા રૂપીઆ થાય?

૭૩. દરેક જણ પાસેથી ૦॥ રૂપીઓ લઇએ તો કેટલા થાય?

૭૪. દરેક જણ પાસેથી ૦ાા રૂપીઓ લઇએ તો કેટલા થાય?
૭૫. દરેક જણ પાસેથી ૧ા રૂપીઓ લઇએ તો કેટલા થાય ?
૭૬. દરેક જણ પાસેથી ૧ાા રૂપીઓ લઇએ તો કેટલા થાય?
૭૭. દરેક જણ પાસેથી ૨ાા રૂપીઆ લઇએ તો કેટલા થાય?
૭૮. દરેક જણ પાસેથી ૩ાા રૂપીઆ લઇએ તો કેટલા થાય?
૭૯. પોણોસો, પોણીસો, પોણાબસેં, અઢીસેં, સાડાત્રણસેં, સવાસો, સવાબસેં, પોણાત્રણસેં તે કેટલા ?

મોઢે કરવાનો કોઠો. [સરવાળા].

ચોથો ભાગ તે ૦ા	બીજો ભાગ તે ૦ાા	ત્રણ પા તે ૦ાાા
૦ા ને ૦ા ૦ાા	૦ા ને ૦ાા ૦ાાા	૦ા ને ૦ાાા ૧
૦ાા ને ૦ા ૦ાાા	૦ાા ને ૦ાા ૧	૦ાા ને ૦ાાા ૧ા
૦ાાા ને ૦ા ૧	૦ાાા ને ૦ાા ૧ા	૦ાાા ને ૦ાાા ૧ાા
૧ ને ૦ા ૧ા	૧ ને ૦ાા ૧ાા	૧ ને ૦ાાા ૧ાાા
૧ા ને ૦ા ૧ાા	૧ા ને ૦ાા ૧ાાા	૧ા ને ૦ાાા ૨
૧ાા ને ૦ા ૧ાાા	૧ાા ને ૦ાા ૨	૧ાા ને ૦ાાા ૨ા
૧ાાા ને ૦ા ૨	૧ાાા ને ૦ાા ૨ા	૧ાાા ને ૦ાાા ૨ાા
૨ ને ૦ા ૨ા	૨ ને ૦ાા ૨ાા	૨ ને ૦ાાા ૨ાાા
૨ા ને ૦ા ૨ાા	૨ા ને ૦ાા ૨ાાા	૨ા ને ૦ાાા ૩
૨ાા ને ૦ા ૨ાાા	૨ાા ને ૦ાા ૩	૨ાા ને ૦ાાા ૩ા

*બાદબાકી.

૦ાા −૦ા=૦ા	૦ાાા −૦ાા=૦ા	૧ −૦ાાા ૦ા
૦ાાા −૦ા=૦ાા	૧ −૦ાા=૦ાા	૧ા −૦ાાા ૦ાા
૧ −૦ા=૦ાાા	૧ા −૦ાા=૦ાાા	૧ાા −૦ાાા ૦ાાા
૧ા −૦ા=૧	૧ાા −૦ાા=૧	૧ાાા −૦ાાા ૧
૧ાા −૦ા=૧ા	૧ાાા −૦ાા=૧ા	૨ −૦ાાા ૧ા
૧ાાા −૦ા=૧ાા	૨ −૦ાા=૧ાા	૨ા −૦ાાા ૧ાા
૨ −૦ા=૧ાાા	૨ા −૦ાા=૧ાાા	૨ાા −૦ાાા ૧ાાા
૨ા −૦ા=૨	૨ાા −૦ાા=૨	૨ાાા −૦ાાા ૨
૨ાા −૦ા=૨ા	૨ાાા −૦ાા=૨ા	૩ −૦ાાા ૨ા
૨ાાા −૦ા=૨ાા	૩ −૦ાા=૨ાા	૩ા −૦ાાા ૨ાા

*શી રીતે બોલાય તે ધોરણ ૧ માં જુઓ. પા. ૧૪.

પાયા.

૧ ૦। ૦।	૧૧ ૦। ૨।।।	૨૧ ૦। ૫।	૩૧ ૦। ૭।।।
૨ ૦। ૦।।	૧૨ ૦। ૩	૨૨ ૦। ૫।।	૩૧ ૦। ૮
૩ ૦। ૦।।।	૧૩ ૦। ૩।	૨૩ ૦। ૫।।।	૩૩ ૦। ૮।
૪ ૦। ૧	૧૪ ૦। ૩।।	૨૪ ૦। ૬	૩૪ ૦। ૮।।
૫ ૦। ૧।	૧૫ ૦। ૩।।।	૨૫ ૦। ૬।	૩૫ ૦। ૮।।।
૬ ૦। ૧।।	૧૬ ૦। ૪	૨૬ ૦। ૬।।	૩૬ ૦। ૯
૭ ૦। ૧।।।	૧૭ ૦। ૪।	૨૭ ૦। ૬।।।	૩૭ ૦। ૯।
૮ ૦। ૨	૧૮ ૦। ૪।।	૨૮ ૦। ૭	૩૮ ૦। ૯।।
૯ ૦। ૨।	૧૯ ૦। ૪।।।	૨૯ ૦। ૭।	૩૯ ૦। ૯।।।
૧૦ ૦। ૨।।	૨૦ ૦। ૫	૩૦ ૦। ૭।।	૪૦ ૦। ૧૦

૪૧ ૦। ૧૦।	૫૧ ૦। ૧૨।।।	૬૧ ૦। ૧૫।
૪૨ ૦। ૧૦।।	૫૨ ૦। ૧૩	૬૨ ૦। ૧૫।।
૪૩ ૦। ૧૦।।।	૫૩ ૦। ૧૩।	૬૩ ૦। ૧૫।।।
૪૪ ૦। ૧૧	૫૪ ૦। ૧૩।।	૬૪ ૦। ૧૬
૪૫ ૦। ૧૧।	૫૫ ૦। ૧૩।।।	૬૫ ૦। ૧૬।
૪૬ ૦। ૧૧।।	૫૬ ૦। ૧૪	૬૬ ૦। ૧૬।।
૪૭ ૦। ૧૧।।।	૫૭ ૦। ૧૪।	૬૭ ૦। ૧૬।।।
૪૮ ૦। ૧૨	૫૮ ૦। ૧૪।।	૬૮ ૦। ૧૭
૪૯ ૦। ૧૨।	૫૯ ૦। ૧૪।।।	૬૯ ૦। ૧૭।
૫૦ ૦। ૧૨।।	૬૦ ૦। ૧૫	૭૦ ૦। ૧૭।।

૭૧ ૦। ૧૭।।।	૮૧ ૦। ૨૦।	૯૧ ૦। ૨૨।।।
૭૨ ૦। ૧૮	૮૨ ૦। ૨૦।।	૯૨ ૦। ૨૩
૭૩ ૦। ૧૮।	૮૩ ૦। ૨૦।।।	૯૩ ૦। ૨૩।
૭૪ ૦। ૧૮।।	૮૪ ૦। ૨૧	૯૪ ૦। ૨૩।।
૭૫ ૦। ૧૮।।।	૮૫ ૦। ૨૧।	૯૫ ૦। ૨૩।।।
૭૬ ૦। ૧૯	૮૬ ૦। ૨૧।।	૯૬ ૦। ૨૪
૭૭ ૦। ૧૯।	૮૭ ૦। ૨૧।।।	૯૭ ૦। ૨૪।
૭૮ ૦। ૧૯।।	૮૮ ૦। ૨૨	૯૮ ૦। ૨૪।।
૭૯ ૦। ૧૯।।।	૮૯ ૦। ૨૨।	૯૯ ૦। ૨૪।।।
૮૦ ૦। ૨૦	૯૦ ૦। ૨૨।।	૧૦૦ ૦। ૨૫

અર્ધો

૧ ૦॥ ૦॥	૧૧ ૦॥ ૫॥	૨૧ ૦॥ ૧૦॥	૩૧ ૦॥ ૧૫॥
૨ ૦॥ ૧	૧૨ ૦॥ ૬	૨૨ ૦॥ ૧૧	૩૨ ૦॥ ૧૬
૩ ૦॥ ૧॥	૧૩ ૦॥ ૬॥	૨૩ ૦॥ ૧૧॥	૩૩ ૦॥ ૧૬॥
૪ ૦॥ ૨	૧૪ ૦॥ ૭	૨૪ ૦॥ ૧૨	૩૪ ૦॥ ૧૭
૫ ૦॥ ૨॥	૧૫ ૦॥ ૭॥	૨૫ ૦॥ ૧૨॥	૩૫ ૦॥ ૧૭॥
૬ ૦॥ ૩	૧૬ ૦॥ ૮	૨૬ ૦॥ ૧૩	૩૬ ૦॥ ૧૮
૭ ૦॥ ૩॥	૧૭ ૦॥ ૮॥	૨૭ ૦॥ ૧૩॥	૩૭ ૦॥ ૧૮॥
૮ ૦॥ ૪	૧૮ ૦॥ ૯	૨૮ ૦॥ ૧૪	૩૮ ૦॥ ૧૯
૯ ૦॥ ૪॥	૧૯ ૦॥ ૯॥	૨૯ ૦॥ ૧૪॥	૩૯ ૦॥ ૧૯॥
૧૦ ૦॥ ૫	૨૦ ૦॥ ૧૦	૩૦ ૦॥ ૧૫	૪૦ ૦॥ ૨૦

૪૧ ૦॥ ૨૦॥	૫૧ ૦॥ ૨૫॥	૬૧ ૦॥ ૩૦॥
૪૨ ૦॥ ૨૧	૫૨ ૦॥ ૨૬	૬૨ ૦॥ ૩૧
૪૩ ૦॥ ૨૧॥	૫૩ ૦॥ ૨૬॥	૬૩ ૦॥ ૩૧॥
૪૪ ૦॥ ૨૨	૫૪ ૦॥ ૨૭	૬૪ ૦॥ ૩૨
૪૫ ૦॥ ૨૨॥	૫૫ ૦॥ ૨૭॥	૬૫ ૦॥ ૩૨॥
૪૬ ૦॥ ૨૩	૫૬ ૦॥ ૨૮	૬૬ ૦॥ ૩૩
૪૭ ૦॥ ૨૩॥	૫૭ ૦॥ ૨૮॥	૬૭ ૦॥ ૩૩॥
૪૮ ૦॥ ૨૪	૫૮ ૦॥ ૨૯	૬૮ ૦॥ ૩૪
૪૯ ૦॥ ૨૪॥	૫૯ ૦॥ ૨૯॥	૬૯ ૦॥ ૩૪॥
૫૦ ૦॥ ૨૫	૬૦ ૦॥ ૩૦	૭૦ ૦॥ ૩૫

૭૧ ૦॥ ૩૫॥	૮૧ ૦॥ ૪૦॥	૯૧ ૦॥ ૪૫॥
૭૨ ૦॥ ૩૬	૮૨ ૦॥ ૪૧	૯૨ ૦॥ ૪૬
૭૩ ૦॥ ૩૬॥	૮૩ ૦॥ ૪૧॥	૯૩ ૦॥ ૪૬॥
૭૪ ૦॥ ૩૭	૮૪ ૦॥ ૪૨	૯૪ ૦॥ ૪૭
૭૫ ૦॥ ૩૭॥	૮૫ ૦॥ ૪૨॥	૯૫ ૦॥ ૪૭॥
૭૬ ૦॥ ૩૮	૮૬ ૦॥ ૪૩	૯૬ ૦॥ ૪૮
૭૭ ૦॥ ૩૮॥	૮૭ ૦॥ ૪૩॥	૯૭ ૦॥ ૪૮॥
૭૮ ૦॥ ૩૯	૮૮ ૦॥ ૪૪	૯૮ ૦॥ ૪૯
૭૯ ૦॥ ૩૯॥	૮૯ ૦॥ ૪૪॥	૯૯ ૦॥ ૪૯॥
૮૦ ૦॥ ૪૦	૯૦ ૦॥ ૪૫	૧૦૦ ૦॥ ૫૦

પોણાં.

૧	૦।।।	૦।।।	૧૧	૦।।।	૮।	૨૧	૦।।।	૧૫।।।	૩૧	૦।।।	૨૩।
૨	૦।।।	૧।।	૧૨	૦।।।	૯	૨૨	૦।।।	૧૬।।	૩૨	૦।।।	૨૪
૩	૦।।।	૨।	૧૩	૦।।।	૯।।।	૨૩	૦।।।	૧૭।	૩૩	૦।।।	૨૪।।
૪	૦।।।	૩	૧૪	૦।।।	૧૦।।	૨૪	૦।।।	૧૮	૩૪	૦।।।	૨૫।।।
૫	૦।।।	૩।।।	૧૫	૦।।।	૧૧।	૨૫	૦।।।	૧૮।।।	૩૫	૦।।।	૨૬।
૬	૦।।।	૪।।	૧૬	૦।।।	૧૨	૨૬	૦।।।	૧૯।।	૩૬	૦।।।	૨૭
૭	૦।।।	૫।	૧૭	૦।।।	૧૨।।।	૨૭	૦।।।	૨૦।	૩૭	૦।।।	૨૭।।।
૮	૦।।।	૬	૧૮	૦।।।	૧૩।।	૨૮	૦।।।	૨૧	૩૮	૦।।।	૨૮।।
૯	૦।।।	૬।।।	૧૯	૦।।।	૧૪।	૨૯	૦।।।	૨૧।।।	૩૯	૦।।।	૨૯।
૧૦	૦।।।	૭।।	૨૦	૦।।।	૧૫	૩૦	૦।।।	૨૨।।	૪૦	૦।।।	૩૦

૪૧	૦।।।	૩૦।।।	૫૧	૦।।।	૩૮।	૬૧	૦।।।	૪૫।।।
૪૨	૦।।।	૩૧।।	૫૨	૦।।।	૩૯	૬૨	૦।।।	૪૬।।
૪૩	૦।।।	૩૨।	૫૩	૦।।।	૩૯।।।	૬૩	૦।।।	૪૭।
૪૪	૦।।।	૩૩	૫૪	૦।।।	૪૦।।	૬૪	૦।।।	૪૮
૪૫	૦।।।	૩૩।।।	૫૫	૦।।।	૪૧।	૬૫	૦।।।	૪૮।।।
૪૬	૦।।।	૩૪।।	૫૬	૦।।।	૪૨	૬૬	૦।।।	૪૯।।
૪૭	૦।।।	૩૫।	૫૭	૦।।।	૪૨।।।	૬૭	૦।।।	૫૦।
૪૮	૦।।।	૩૬	૫૮	૦।।।	૪૩।।	૬૮	૦।।।	૫૧
૪૯	૦।।।	૩૬।।।	૫૯	૦।।।	૪૪।	૬૯	૦।।।	૫૧।।।
૫૦	૦।।।	૩૭।।	૬૦	૦।।।	૪૫	૭૦	૦।।।	૫૨।।

૭૧	૦।।।	૫૩।	૮૧	૦।।।	૬૦।।।	૯૧	૦।।।	૬૮।
૭૨	૦।।।	૫૪	૮૨	૦।।।	૬૧।।	૯૨	૦।।।	૬૯
૭૩	૦।।।	૫૪।।।	૮૩	૦।।।	૬૨।	૯૩	૦।।।	૬૯।।।
૭૪	૦।।।	૫૫।।	૮૪	૦।।।	૬૩	૯૪	૦।।।	૭૦।।
૭૫	૦।।।	૫૬।	૮૫	૦।।।	૬૩।।।	૯૫	૦।।।	૭૧।
૭૬	૦।।।	૫૭	૮૬	૦।।।	૬૪।।	૯૬	૦।।।	૭૨
૭૭	૦।।।	૫૭।।।	૮૭	૦।।।	૬૫।	૯૭	૦।।।	૭૨।।।
૭૮	૦।।।	૫૮।।	૮૮	૦।।।	૬૬	૯૮	૦।।।	૭૩।।
૭૯	૦।।।	૫૯।	૮૯	૦।।।	૬૬।।।	૯૯	૦।।।	૭૪।
૮૦	૦।।।	૬૦	૯૦	૦।।।	૬૭।।	૧૦૦	૦।।।	૭૫

સવાયાં ધોરણ ૧ માં જૂઓ.

દોઢાં.

૧	૧॥	૧॥	૧૧	૧॥	૧૬॥	૨૧	૧॥	૩૧॥	૩૧	૧॥	૪૬॥
૨	૧॥	૩	૧૨	૧॥	૧૮	૨૨	૧॥	૩૩	૩૨	૧॥	૪૮
૩	૧॥	૪॥	૧૩	૧॥	૧૯॥	૨૩	૧॥	૩૪॥	૩૩	૧॥	૪૯॥
૪	૧॥	૬	૧૪	૧॥	૨૧	૨૪	૧॥	૩૬	૩૪	૧॥	૫૧
૫	૧॥	૭॥	૧૫	૧॥	૨૨॥	૨૫	૧॥	૩૭॥	૩૫	૧॥	૫૨॥
૬	૧॥	૯	૧૬	૧॥	૨૪	૨૬	૧॥	૩૯	૩૬	૧॥	૫૪
૭	૧॥	૧૦॥	૧૭	૧॥	૨૫॥	૨૭	૧॥	૪૦॥	૩૭	૧॥	૫૫॥
૮	૧॥	૧૨	૧૮	૧॥	૨૭	૨૮	૧॥	૪૨	૩૮	૧॥	૫૭
૯	૧॥	૧૩॥	૧૯	૧॥	૨૮॥	૨૯	૧॥	૪૩॥	૩૯	૧॥	૫૮॥
૧૦	૧॥	૧૫	૨૦	૧॥	૩૦	૩૦	૧॥	૪૫	૪૦	૧॥	૬૦

૪૧	૧॥	૬૧॥	૫૧	૧॥	૭૬॥	૬૧	૧॥	૯૧॥
૪૨	૧॥	૬૩	૫૨	૧॥	૭૮	૬૨	૧॥	૯૩
૪૩	૧॥	૬૪॥	૫૩	૧॥	૭૯॥	૬૩	૧॥	૯૪॥
૪૪	૧॥	૬૬	૫૪	૧॥	૮૧	૬૪	૧॥	૯૬
૪૫	૧॥	૬૭॥	૫૫	૧॥	૮૨॥	૬૫	૧॥	૯૭॥
૪૬	૧॥	૬૯	૫૬	૧॥	૮૪	૬૬	૧॥	૯૯
૪૭	૧॥	૭૦॥	૫૭	૧॥	૮૫॥	૬૭	૧॥	૧૦૦॥
૪૮	૧॥	૭૨	૫૮	૧॥	૮૭	૬૮	૧॥	૧૦૨
૪૯	૧॥	૭૩॥	૫૯	૧॥	૮૮॥	૬૯	૧॥	૧૦૩॥
૫૦	૧॥	૭૫	૬૦	૧॥	૯૦	૭૦	૧॥	૧૦૫

૭૧	૧॥	૧૦૬॥	૮૧	૧॥	૧૨૧॥	૯૧	૧॥	૧૩૬॥
૭૨	૧॥	૧૦૮	૮૨	૧॥	૧૨૩	૯૨	૧॥	૧૩૮
૭૩	૧॥	૧૦૯॥	૮૩	૧॥	૧૨૪॥	૯૩	૧॥	૧૩૯॥
૭૪	૧॥	૧૧૧	૮૪	૧॥	૧૨૬	૯૪	૧॥	૧૪૧
૭૫	૧॥	૧૧૨॥	૮૫	૧॥	૧૨૭॥	૯૫	૧॥	૧૪૨॥
૭૬	૧॥	૧૧૪	૮૬	૧॥	૧૨૯	૯૬	૧॥	૧૪૪
૭૭	૧॥	૧૧૫॥	૮૭	૧॥	૧૩૦॥	૯૭	૧॥	૧૪૫॥
૭૮	૧॥	૧૧૭	૮૮	૧॥	૧૩૨	૯૮	૧॥	૧૪૭
૭૯	૧॥	૧૧૮॥	૮૯	૧॥	૧૩૩॥	૯૯	૧॥	૧૪૮॥
૮૦	૧॥	૧૨૦	૯૦	૧॥	૧૩૫	૧૦૦	૧॥	૧૫૦

અઢીઆં.

૧ ૨ાા ૨ાા	૧૧ ૨ાા ૨૭ાા	૨૧ ૨ાા ૫૨ાા	૩૧ ૨ાા ૭૭ાા
૨ ૨ાા ૫	૧૨ ૨ાા ૩૦	૨૨ ૨ાા ૫૫	૩૨ ૨ાા ૮૦
૩ ૨ાા ૭ાા	૧૩ ૨ાા ૩૨ાા	૨૩ ૨ાા ૫૭ાા	૩૩ ૨ાા ૮૨ાા
૪ ૨ાા ૧૦	૧૪ ૨ાા ૩૫	૨૪ ૨ાા ૬૦	૩૪ ૨ાા ૮૫
૫ ૨ાા ૧૨ાા	૧૫ ૨ાા ૩૭ાા	૨૫ ૨ાા ૬૨ાા	૩૫ ૨ાા ૮૭ાા
૬ ૨ાા ૧૫	૧૬ ૨ાા ૪૦	૨૬ ૨ાા ૬૫	૩૬ ૨ાા ૯૦
૭ ૨ાા ૧૭ાા	૧૭ ૨ાા ૪૨ાા	૨૭ ૨ાા ૬૭ાા	૩૭ ૨ાા ૯૨ાા
૮ ૨ાા ૨૦	૧૮ ૨ાા ૪૫	૨૮ ૨ાા ૭૦	૩૮ ૨ાા ૯૫
૯ ૨ાા ૨૨ાા	૧૯ ૨ાા ૪૭ાા	૨૯ ૨ાા ૭૨ાા	૩૯ ૨ાા ૯૭ાા
૧૦ ૨ાા ૨૫	૨૦ ૨ાા ૫૦	૩૦ ૨ાા ૭૫	૪૦ ૨ાા ૧૦૦

૪૧ ૨ાા ૧૦૨ાા	૫૧ ૨ાા ૧૨૭ાા	૬૧ ૨ાા ૧૫૨ાા
૪૨ ૨ાા ૧૦૫	૫૨ ૨ાા ૧૩૦	૬૨ ૨ાા ૧૫૫
૪૩ ૨ાા ૧૦૭ાા	૫૩ ૨ાા ૧૩૨ાા	૬૩ ૨ાા ૧૫૭ાા
૪૪ ૨ાા ૧૧૦	૫૪ ૨ાા ૧૩૫	૬૪ ૨ાા ૧૬૦
૪૫ ૨ાા ૧૧૨ાા	૫૫ ૨ાા ૧૩૭ાા	૬૫ ૨ાા ૧૬૨ાા
૪૬ ૨ાા ૧૧૫	૫૬ ૨ાા ૧૪૦	૬૬ ૨ાા ૧૬૫
૪૭ ૨ાા ૧૧૭ાા	૫૭ ૨ાા ૧૪૨ાા	૬૭ ૨ાા ૧૬૭ાા
૪૮ ૨ાા ૧૨૦	૫૮ ૨ાા ૧૪૫	૬૮ ૨ાા ૧૭૦
૪૯ ૨ાા ૧૨૨ાા	૫૯ ૨ાા ૧૪૭ાા	૬૯ ૨ાા ૧૭૨ાા
૫૦ ૨ાા ૧૨૫	૬૦ ૨ાા ૧૫૦	૭૦ ૨ાા ૧૭૫

૭૧ ૨ાા ૧૭૭ાા	૮૧ ૨ાા ૨૦૨ાા	૯૧ ૨ાા ૨૨૭ાા
૭૨ ૨ાા ૧૮૦	૮૨ ૨ાા ૨૦૫	૯૨ ૨ાા ૨૩૦
૭૩ ૨ાા ૧૮૨ાા	૮૩ ૨ાા ૨૦૭ાા	૯૩ ૨ાા ૨૩૨ાા
૭૪ ૨ાા ૧૮૫	૮૪ ૨ાા ૨૧૦	૯૪ ૨ાા ૨૩૫
૭૫ ૨ાા ૧૮૭ાા	૮૫ ૨ાા ૨૧૨ાા	૯૫ ૨ાા ૨૩૭ાા
૭૬ ૨ાા ૧૯૦	૮૬ ૨ાા ૨૧૫	૯૬ ૨ાા ૨૪૦
૭૭ ૨ાા ૧૯૨ાા	૮૭ ૨ાા ૨૧૭ાા	૯૭ ૨ાા ૨૪૨ાા
૭૮ ૨ાા ૧૯૫	૮૮ ૨ાા ૨૨૦	૯૮ ૨ાા ૨૪૫
૭૯ ૨ાા ૧૯૭ાા	૮૯ ૨ાા ૨૨૨ાા	૯૯ ૨ાા ૨૪૭ાા
૮૦ ૨ાા ૨૦૦	૯૦ ૨ાા ૨૨૫	૧૦૦ ૨ાા ૨૫૦

ઉઠાં.

૧ ૩॥ ૩॥	૧૧ ૩॥ ૩૮॥	૨૧ ૩॥ ૭૩॥	૩૧ ૩॥ ૧૦૮॥
૨ ૩॥ ૭	૧૨ ૩॥ ૪૨	૨૨ ૩॥ ૭૭	૩૨ ૩॥ ૧૧૨
૩ ૩॥ ૧૦॥	૧૩ ૩॥ ૪૫॥	૨૩ ૩॥ ૮૦॥	૩૩ ૩॥ ૧૧૫॥
૪ ૩॥ ૧૪	૧૪ ૩॥ ૪૯	૨૪ ૩॥ ૮૪	૩૪ ૩॥ ૧૧૯
૫ ૩॥ ૧૭॥	૧૫ ૩॥ ૫૨॥	૨૫ ૩॥ ૮૭॥	૩૫ ૩॥ ૧૨૨॥
૬ ૩॥ ૨૧	૧૬ ૩॥ ૫૬	૨૬ ૩॥ ૯૧	૩૬ ૩॥ ૧૨૬
૭ ૩॥ ૨૪॥	૧૭ ૩॥ ૫૯॥	૨૭ ૩॥ ૯૪॥	૩૭ ૩॥ ૧૨૯॥
૮ ૩॥ ૨૮	૧૮ ૩॥ ૬૩	૨૮ ૩॥ ૯૮	૩૮ ૩॥ ૧૩૩
૯ ૩॥ ૩૧॥	૧૯ ૩॥ ૬૬॥	૨૯ ૩॥ ૧૦૧॥	૩૯ ૩॥ ૧૩૬॥
૧૦ ૩॥ ૩૫	૨૦ ૩॥ ૭૦	૩૦ ૩॥ ૧૦૫	૪૦ ૩॥ ૧૪૦

૪૧ ૩॥ ૧૪૩॥	૫૧ ૩॥ ૧૭૮॥	૬૧ ૩॥ ૨૧૩॥
૪૨ ૩॥ ૧૪૭	૫૨ ૩॥ ૧૮૨	૬૨ ૩॥ ૨૧૭
૪૩ ૩॥ ૧૫૦॥	૫૩ ૩॥ ૧૮૫॥	૬૩ ૩॥ ૨૨૦॥
૪૪ ૩॥ ૧૫૪	૫૪ ૩॥ ૧૮૯	૬૪ ૩॥ ૨૨૪
૪૫ ૩॥ ૧૫૭॥	૫૫ ૩॥ ૧૯૨॥	૬૫ ૩॥ ૨૨૭॥
૪૬ ૩॥ ૧૬૧	૫૬ ૩॥ ૧૯૬	૬૬ ૩॥ ૨૩૧
૪૭ ૩॥ ૧૬૪॥	૫૭ ૩॥ ૧૯૯॥	૬૭ ૩॥ ૨૩૪॥
૪૮ ૩॥ ૧૬૮	૫૮ ૩॥ ૨૦૩	૬૮ ૩॥ ૨૩૮
૪૯ ૩॥ ૧૭૧॥	૫૯ ૩॥ ૨૦૬॥	૬૯ ૩॥ ૨૪૧॥
૫૦ ૩॥ ૧૭૫	૬૦ ૩॥ ૨૧૦	૭૦ ૩॥ ૨૪૫

૭૧ ૩॥ ૨૪૮॥	૮૧ ૩॥ ૨૮૩॥	૯૧ ૩॥ ૩૧૮॥
૭૨ ૩॥ ૨૫૨	૮૨ ૩॥ ૨૮૭	૯૨ ૩॥ ૩૨૨
૭૩ ૩॥ ૨૫૫॥	૮૩ ૩॥ ૨૯૦॥	૯૩ ૩॥ ૩૨૫॥
૭૪ ૩॥ ૨૫૯	૮૪ ૩॥ ૨૯૪	૯૪ ૩॥ ૩૨૯
૭૫ ૩॥ ૨૬૨॥	૮૫ ૩॥ ૨૯૭॥	૯૫ ૩॥ ૩૩૨॥
૭૬ ૩॥ ૨૬૬	૮૬ ૩॥ ૩૦૧	૯૬ ૩॥ ૩૩૬
૭૭ ૩॥ ૨૬૯॥	૮૭ ૩॥ ૩૦૪॥	૯૭ ૩॥ ૩૩૯॥
૭૮ ૩॥ ૨૭૩	૮૮ ૩॥ ૩૦૮	૯૮ ૩॥ ૩૪૩
૭૯ ૩॥ ૨૭૬॥	૮૯ ૩॥ ૩૧૧॥	૯૯ ૩॥ ૩૪૬॥
૮૦ ૩॥ ૨૮૦	૯૦ ૩॥ ૩૧૫	૧૦૦ ૩॥ ૩૫૦

(આંક) મનોયત્ન ૪.

૧. દરેક માણસ રૂ. ૰ાા કાઢે, તો ૮ માણસના કેટલા રૂ. થાય?

૨. દરેક કોથળામાં ૩ાા મણ ઘઉં માય તો, તેવા ૧૦ કોથળા ભરીએ, તો કેટલા ઘઉં માય?

૩. રૂ. ૧ નું ૨ાા શેર લેખે ૧૫ રૂ. નું કેટલા શેર ઘી થાય?

૪. એક કોટમાં ૧ાા ગજ કપડું જાય, તો ૨૪ કોટ શીવડાવવા હોય તો કેટલું કપડું જોઇએ?

૫. ૧ા રૂ. ના મણ લેખે ૩૨ મણ ઘઉંની શી કિંમત પડે?

૬. ૩ાા રૂ. નો મણ ગોળ, તો ૩૬ મણના કેટલા રૂપીઆ?

૭. મારે ઘેર ૬૮ બ્રાહ્મણો જમ્યા. દરેકને રૂ. ૦ાા દક્ષિણા આપી. કેટલા રૂ. ખર્ચ થયું?

૮. એક થાળી ૨ાા શેરની થાય છે. નાતમાં ૭૨ ઘર છે. તેમાં થાળીઓની લાણી કરીએ તો કેટલા શેર થાળીઓ વરે?

૯. એક મણ દૂધમાં ૩ાા શેર ખાંડ નાંખીએ, તો ૧૭ મણ દૂધમાં કેટલી નાંખવી?

૧૦. એકવાર બનાતના ૩ાા રૂ. પડે છે; તો ૧૬ વારનું શું બેસશે?

૧૧. ચહા ૦ાાા રૂ. ની શેર ૧ મળે છે, તેવી ૨૦ શેર લેવી હોય તો શું બેસે?

૧૨. એક માણસ જમાડતાં ૦ાા રૂ. ખર્ચ થાય છે, તો ૮૦ માણસ જમાડવાં હોય તો શું ખર્ચ થશે?

૧૩. દરેકને ૦। ૦। રૂપીઓ ઇનામ આપીએ તો, ૧૭ છોકરાને ઈનામ આપતાં કેટલા રૂપીઆ જોઇએ?

૧૪. એક મણ ખાંડના ૮ રૂપીઆ પડે છે, તો ૦ાાા મણ લેવી હોય તો શું પડે?

૧૫. ૩૧ રૂપીએ તોલા પ્રમાણે ૨ાા તોલા સોનાનું શું પડશે?

૧૬. એક ટોપીનો ૧ાા રૂપીઓ, તો તેવી ૪૭ ટોપીઓનું શું પડે?

૧૭. ૨ાા રૂપીઆ બે માણસોમાં વહેંચતાં દરેકને શું આવે?

૧૮. ૬ રૂપાઆ ૪ માણસોમાં વહેંચીએ તો દરેકને શું મળે?

૧૯. ૧॥ રૂપીઆની મણ બાજરી મળે છે તો ૯ રૂપીઆમાં કેટલી બાજરી આવે?

૨૦. ૨॥ મણ દરેક કોથળામાં ભરીએ, તો ૧૫ મણના કેટલા કોથળા ભરાય?

૨૧. રોજનું એક માણસને રૂ. ૧॥ નું ખર્ચ છે, તેને ૨૭ રૂ. કેટલા દહાડા ચાલશે?

૨૨. એક ગજના રૂ. ૩॥ પડે તો ૭૭ રૂ. માં કેટલા ગજ બનાત આવે?

૨૩. એકના ૨॥ રૂ. પડે, તેવી ૨૦ રૂ. માં કેટલી ખુરસીઓ મળે?

૨૪. એક ગાય રોજનો ૩॥ શેર દાણો ખાય છે, તો ૩૦ દિવસમાં કેટલો ખાય?

૨૫. ૩॥ આનાની ૧, એવી ૧૪ આનામાં કેટલી સ્લેટો મળે?

૨૬. એક મણ બાજરીનો ૧॥ રૂ. પડે છે તો ૧૦ રૂ. માં કેટલી બાજરી આવે?

મનોયત્ન ૫.

अ. પાંચદાન કેટલા? ૫માં ને ૫૦ માં શો ફેર દેખાય છે?

ब. સાતને દસે ગુણતાં શું આવે? ૭ ને ૭૦ માં શો ફેરછે?

क. નવ ને દસે ગુણતાં શું આવે? ૯ ને ૯૦ માં શો ફેરછે?

ड. દસ ને દસે ગુણતાં શું આવે? ૧૦ ને ૧૦૦ માં શો ફેર છે? માટે,

---

૭. દસે ગુણવા હોય તો એકે ગુણવા, અને એટલા દશક સમજવા; એટલે તે ઉપર મીઠું ચડાવવું.

अ. બેને વીસે ગુણતાં શું આવે? ૨૦ દુ કેટલા? બે દુ કેટલા? ૪માં ને ૪૦ માં શો ફેરછે?

ब. ત્રણને વીસે ગુણતાં શું આવે? વીસતરી કેટલા? ત્રણદુ

કેટલા? છમાં ને સાઠમાં શો ફેર દેખાય છે?

क. ચાર ને વીસે ગુણતાં શું આવે? વીસ ચોક કેટલા? ૪ દુ કેટલા? આઠ'ને એસીમાં શો ફેર છે.?

એ પ્રમાણે ૩૦-૪૦ ઈ. નું શીખવવું. માટે,

૮. તેમજ ૨૦-૩૦-૪૦-૫૦-૬૦-૭૦-૮૦-૯૦ એટલાએ ગુણવા હોય તો ૨-૩-૪-૫ ઇત્યાદિ અંકોએ ગુણી મીડું ચડાવવું.

---

૧. ૫ રૂ. મણ ખાંડ હોય તો ૮૦ મણની શી કિંમત પડે?

૨. ૭ રૂ. મણ સોપારી હોય તો ૫૦ મણનું શું પડે?

૩. ૨॥ રૂ. મણ ગોળ હોય તો ૬૦ મણનું શું પડે?

૪. એક બકરીના ૬ રૂ. પડે, તો ૬૦ બકરીઓનું શું પડે?

૫. એક ઘોડાના ૭૦ રૂ. પડે, તો ૮ ઘોડાનું શું પડે?

૬. એક મણ ઘઉંનો ૧॥ રૂ. પડે તો ૪૦ મણ ઘઉંનું શું પડે?

૭. એક ગાયના રૂ. ૨૦ પડે છે, તો ૨૫ ગાયો લેવી હોય તો શું આપવું પડશે?

૮. દરેક ટોપીના રૂ. ૧૦ પ્રમાણે ૩૬ ટોપીઓનું શું બેસે?

૯. એક ગાડામાં ૫૦ મણ અનાજ ભરીએ, તો ૧૫ ગાડાંમાં કેટલું માય?

૧૦. મને રોજ રૂ. ૦॥ મળે છે; ૮૦ દિવસમાં શું મળશે?

૧૧. એક માણસને મહિને રૂ. ૬૦ નો પગાર છે, તેનો ૧૨ મહિનાનો કેટલો પગાર થયો?

૧૨. ઘોડો રોજના ૨૦ પૂળા ઘાસ ખાય છે, તે ૩૦ દિ. માં કેટલા ખાશે?

૧૩. એક મજુર એક વર્ષે રૂ. ૩૦ બચાવે છે; તે ૧૫ વર્ષમાં શું બચાવશે?

૧૪. એક મણના ૪૦ શેર થાય તો ૧૭ મણના કેટલા શેર થાય?

૧૫. મહિનાના ૩૦ દિવસ ગણતાં ૩૬ મહિનાના દિવસ કેટલા?

ધાતો.

તોલની ધાતો શીખવતી વખતે શિક્ષકોએ લાવી શકાય તેટલાં કાટલાં તથા બીજી તોળી દેખાડવાની વસ્તુઓ કલાસમાં વિદ્યાર્થીઓની નજર આગળ લાવવી, અને તોળીને તેમની ખાત્રી કરી આપવી. તેમજ રૂપાના અને ત્રાંબાના ચાલતા તમામ સિક્કાઓ, છોકરાઓને બતાવવા; અને તેમની કિંમત સરખાવવાની ટેવ પાડવી.

પક્કી સંભાળ રાખવી કે કદ, ભાર, અને કિંમત એનો ચિતાર જૂદો જૂદો છોકરાઓના મનમાં ઠસ્યો છે. ઘણી વખત એનો ભેદ પૂરો ન સમજતાં છોકરાઓના મનમાં ગુંચવણ રહે છે. તેને માટે છોકરાઓની ખાત્રી થાય તેમ શીખવ્યા બાદ નીચે પ્રમાણે સવાલો પૂછી ખાત્રી કરી લેવી.

---

૧. બે અચ્છેરામાં જેટલો ભારછે તેટલોજ કેટલા શેરીઆમાં છે?
૨. ત્રણ નવટાંકીનો ભાર વધારે કે એક અચ્છેરાનો ?
૩. પાશેર એ શેરનો કેટલામો ભાગ છે? કેટલા પાશેરા એકઠા લઇએ તો તેમનો એકઠો એક શેરીઆ જેટલો ભાર થાય ?
૪. આ લોઢાનો શેરીઓ મોટો દેખાય છે કે આ લાકડાનો ?
૫. લોઢાનો શેરીઓ વધારે ભારે કે લાકડાનો ?
૬. શેર દૂધમાં વધારે ભાર કે શેર રૂપામાં ?
૭. દાણાનો શેરીઓ બનાવો હોયતો શીરીતે બનાવવો ?
૮. મારી પાસે થોડા દાણા છે, અને એક પાશેરો છે; તેનાથી અચ્છેર ઘી તોળવું હોય તો શીરીતે તોળવું ?
૯. કેટલા પૈસા ભારનો શેર ? કેટલા રૂપીઆ ભારનો ? કેટલા ઢબુભારનો ? રૂપીઆમાં ભાર વધારે કે પેસામાં ? કે ઢબુમાં?
૧૦. કિંમત રૂપીઆની વધારે કે ઢબુની ? ભાર કોનો વધારે?

૧૧. ૧૨ રૂપીઆનુ ઘી વધારે મળે કે ૫૦ પૈસાનું. ?
૧૨. ૧ દોકડો પૈસાથી ઓછી કિંમતનો કે વધારે ?
૧૩. ૪૦ રૂપીઆની કિંમત વધારે કે ૭૨ પૈસાની?
૧૪. ૪૦ રૂપીઆમાં વધારે ભાર કે ૭૨ પૈસામાં ?
૧૫. એકલા પૈસાથી પોણોશેર શી રીતે જોખવું ?
૧૬. ભારમાં શેર દૂધ વધારે કે રૂપીઓ? કિંમતમાં શું વધારે?
૧૭. ત્રણ પાઇઓનો ભાર વધારે કે પૈસાનો? કિંમતમાં શું વધારે ?
૧૮. કેટલાં નવટાંકાંનો ભાર ૧૦ રૂપીઆ જેટલો થાય?
૧૯. કેટલા પૈસાનો ભાર ૧૦ રૂપીઆ જેટલો થાય?
૨૦. આ ઈટના કડકામાંથી આ કાટલાંની મદદથી શેરીઆ સુધી બધાં કાટલાં બનાવો.
૨૧. એક બશેરી ને એક અચ્છેરો છે; તેનાથી ૧।। શેર ઘી શી રીતે જોખી લેવું ?
૨૨. એક શેરીઓ ને પાશેરો છે, તેનાથી પોણોશેર શી રીતે જોખી લેવું ?
૨૩. ૧૦ રૂપીઆનો ભાર વધારે કે ૦। શેર રૂ નો ? કદમાં કયું મોટું ? કિંમત કોની વધારે?
૨૪. શેર દાણાનો વધારે માલ મળે કે ૪૦ રૂપીઆનો? એ બેના વજનમાં શો ફેર છે? કયું મોંઘું? કયું સસ્તું?
૨૫. કેટલી બદામોની કિંમત ૧।। દોકડા જેટલી થાય?
૨૬. કેટલા પૈસાનો એક પાવલા જેટલો માલ મળે? બંનેનો ભાર સરખો? કિંમતમાં પાવલું ભારે કે પૈસો? તોલમાં?
૨૭. એક દશશેરાની મદદથી દાણાના ઢગલામાંથી ૩૫ શેર અનાજ શી રીતે જોખી લેવું? -
૨૮. ૯ શેરી ત્રણશેરી ને શેરીઓ છે; તેનાથી, ૮શેર શી રીતે જોખાય? ૧૩ શેર શી રીતે જોખાય? ૫ શેર શી રીતે

જોખાય? ૧૧ શેર શી રીતે જોખાય?

૨૯. બે આનાના પૈસા કેટલા? પાઇઓ કેટલી? રૂપીઆ કેટલા મળે? તોલ કેટલું? કદ કેટલું? (સમજાવો કે કિંમત, કદ, તથા વજનને કાંઈ સંબંધ નથી.)

૩૦. એક દશશેરા વડે દાણાના ઢગલામાંથી ૧ા શેર શી રીતે જોખી લેવું?

તોલ.

શેરની ધાતો.

શેરના અચ્છેરા	૨.
શેરના પાશેરા	૪.
શેરનાં નવટાંકાં	૮.
શેરની અધોળી	૧૬.
શેરના રૂપીઆભાર	૪૦.
શેરના પૈસાભાર	૭૨.

શેરના રૂપીઆભાર		૪૦.
પોણાશેરના	રૂ. ભાર	૩૦.
અચ્છેરના	રૂ. ભાર	૨૦.
પાશેરના	રૂ. ભાર	૧૦.
નવટાંકના	રૂ. ભાર	૫.
અધોળના	રૂ. ભાર	૨ા
૦ાાઅધોળના	રૂ. ભાર	૧ા.

૧ા	રૂ. ભારે	૦ાા અધોળ.
૨ા	,,	૧ અધોળ.
૫	,,	નવટાંક.
૭ા	,,	૩ અધોળ.
૧૦	,,	પાશેર.
૧૨ાા	રૂ. ભારે	૫ અધોળ.
૧૫	,,	૬ અધોળ.
૨૦	,,	અચ્છેર.
૩૦	,,	પોણોશેર.
૪૦	,,	૧ શેર.

---

૧ શેરના	પૈસાભાર	૭૨.
૦ાાા શેરના	,,	૫૪.
૦ાા શેરના	,,	૩૬.
૦ા શેરના	,,	૧૮.
નવટાંકના	,,	૯.
અધોળના	,,	૪ાા.
અર્ધાઅધોળના	,,	૨ા.

૨ા	પૈસા ભારે	૦ાા અધોળ.
૪ાા	,,	૧ અધોળ.
૯	,,	નવટાંક.
૧૩ાા	,,	ત્રણઅધોળ.
૧૮	,,	પાશેર.
૩૬	,,	અચ્છેર.
૫૪	,,	પોણોશેર.
૭૨	,,	૧ શેર.

શેરની અધોળી ૧૬.
પોણાશેરની ,, ૧૨.
અચ્છેરની ,, ૮.
પાશેરની ,, ૪.
નવટાંકની ,, ૨.
એ અધોળે નવટાંક.
૩ અધોળે ૧॥ નવટાંક.
(પોણા પાશેર)
ચાર ,, પાશેર.
૫ અધોળે ૨॥ નવટાંક.
(૧। પાશેર)
૭ ,, દોઢ પાશેર.
૮ ,, અચ્છેર.
૧૦ ,, અઢી પાશેર.
૧૨ ,, પોણાશેર.
૧૬ ,, ૧ શેર.

શેરના નવટાંકાં ૮.
૦॥। શેરનાં ,, ૬.
૦॥ શેરનાં ,, ૪.
૦। શેરના ,, ૨.
૧॥ નવટાંકે ૦॥। પાશેર.
૨ ,, ૦। શેર.
૨॥ ,, સવા પાશેર.
૩ ,, દોઢ પાશેર.
૪ ,, અચ્છેર.
૫ ,, અઢી પાશેર.
૬ નવટાંકે પોણા શેર.
૮ ,, ૧ શેર.

મણની ધાત.

મણ ૧ ના અધમણીયા ૨.
મણ ૧ ના તોલાં ૪.
મણ ૧ ની પાંચશેરી ૮.
મણ ૧ ની અઢીશેરી ૧૬.
મણ ૧ ની સવાશેરી ૩૨.
મણ ૧ ના શેર ૪૦.
૦॥। મણના શેર ૩૦.
૦॥ મણના ,, ૨૦.
૦। મણના ,, ૧૦.
૧૦ શેરે ૦। મણ.
૨૦ ,, ૦॥ મણ.
૩૦ ,, ૦॥। મણ.
૪૦ ,, ૧ મણ.
૫૦ ,, ૧। મણ.
૬૦ ,, ૧॥ મણ.
૭૦ ,, ૧॥। મણ.
૮૦ ,, ૨ મણ.
૯૦ ,, ૨। મણ.
૧૦૦ ,, ૨॥ મણ.

નાણું.

૩ પાઇનો ૧ પૈસો.
૬ ,, ના ૨ પૈસા.
૯ ,, ના ૩ પૈસા.
૧૨ ,, ના ૪ પૈસા.

એક આનાની ૧૨ પાઇ.
૩ પૈસાની ૯ પાઇ.
૨ પૈસાની ૬ પાઇ.
૧ પૈસાની ૩ પાઈ.
૩ પાઇનો ૦। આનો.
૬ ,, ૦॥ આનો.
૯ ,, ૦॥। આનો.
૧૨ ,, ૧ આનો.

---

૩ પાઇનો પૈસો.
૨ પૈસાનો ઢબુ.
૪ ,, આનો.
૨ આનાની બેઆની.
૪ આનાનું પાવલું.
૮ આનાની અધેલી.
૧૨ ,, નો ૦॥। રૂપીઓ.
૧૬ ,, નો ૧ રૂપીઓ.

રૂપીઆ ૧ ના અર્ધા ૨.
રૂપીઆ ૧ ના પાવલાં ૪.
રૂપીઆ ૧ ની બેઆની ૮.
રૂપીઆ ૧ ના આના ૧૬.
રૂપીઆ ૧ ના ઢબુ ૩૨.
રૂપીઆ ૧ ના પૈસા ૬૪.
રૂપીઆ ૧ ના દોકડા ૧૦૦.

રૂપીઆ ૧ ના આના ૧૬.
૦॥। રૂપીઆના આના ૧૨.
૦॥ રૂપીઆના આના ૮.
૦। રૂપીઆના આના ૪.
૪ આનાનો ૦। રૂપીઓ.
૮ આનાનો ૦॥ રૂપીઓ.
૧૨ આનાનો ૦॥। રૂપીઓ.
૧૬ આનાનો ૧ રૂપીઓ.
૨૦ આનાનો ૧। રૂપીઓ.
૨૪ આનાનો ૧॥ રૂપીઓ.
૨૮ આનાના ૧॥। રૂપીઆ.
૩૨ આનાના ૨ રૂપીઆ.
૩૬ આનાના ૨। રૂપીઆ.
૪૦ આનાના ૨॥ રૂપીઆ.
૧૦૦ આનાના ૬। રૂપીઆ.

આના ૧ ના પૈસા ૪.
૦॥। આનાના પૈસા ૩.
૦॥ ,, ના પૈસા ૨.
૦। ,, નો પૈસો ૧.
૧ પૈસાનો ૦। આનો.
૨ ,, નો ૦॥ આનો.
૩ ,, નો ૦॥। આનો.
૪ ,, નો ૧ આનો.
૫ ,, નો ૧। આનો.
૬ ,, નો ૧॥ આનો.
૭ ,, ના ૧॥। આના.

૮ પૈસાના ૨ આના.

૧૦ ,, ના ૨ાા આના.

૧૨ ,, ના ૩ આના.

૧૪ ,, ના ૩ાા આના.

૧૬ ,, નો ૦ા રૂપીઓ.

૩૨ ,, નો ૦ાા રૂપીઓ.

૪૮ ,, નો ૦ાાા રૂપીઓ.

૬૪ ,, નો ૧ રૂપીઓ.

---

૧ આનાની બદામ ૧૦૦.

૦ાાા ,, ની ,, ૭૫.

૦ાા ,, ની ,, ૫૦.

૦ા ,, ની ,, ૨૫.

૨૫ બદામનો ૦ા આનો.

૫૦ ,, નો ૦ાા આનો.

૭૫ ,, નો ૦ાાા આનો.

૧૦૦ ,, નો ૧ આનો.

રૂ. ૧ ના દોકડા ૧૦૦.

૦ાાા રૂ. ના ,, ૭૫.

૦ાા રૂ. ના ,, ૫૦.

૦ા રૂ. ના ,, ૨૫.

૨૫ દોકડાનો ૦ા રૂપીઓ.

૫૦ દોકડાનો ૦ાા રૂપીઓ.

૭૫ ,, ૦ાાા રૂપીઓ.

૧૦૦ ,, ૧ રૂપીઓ.

૦ા આનાનો દો. ૧ાા ૧.

૦ાા ,, ના ,, ૩ ૨.

૦ાાા ,, નો ,, ૪ાા ૩.

એક આનાના ૬ા દોકડા.

૧ા આનાના દો. ૭ાા ૧.

૧ાા આનાના દો. ૯ા ૨.

૧ાાા આનાના દો. ૧૦ાાા ૩.

૨ આનાના ૧૨ાા દોકડા.

૩ આનાના ૧૮ાા દોકડા.

૪ આનાના ૨૫ દોકડા.

૨૫ દોકડાનો ૦ા રૂપીઓ.

૧૮ાા ,, ના ૩ આના.

૧૨ાા ,, ના ૨ આના.

દો. ૧૦ાાા ૩ ના ૧ાાા આના.

દો. ૯ા ૨ નો ૧ાા આનો.

દો. ૭ાા ૧ નો ૧ા આનો.

દો ૬ા નો ૧ આનો.

દો. ૪ાા ૩ નો ૦ાાા આનો.

દો. ૩) ૨ નો ૦ાા આનો.

દો. ૧ાા ૧ નો ૦ા આનો.

દોકડા ૧ ની બદામો ૧૬.

દોકડા ૦ાાા ની ,, ૧૨.

દોકડા ૦ાા ની ,, ૮.

દોકડા ૦ા ની ,, ૪.

૪ બદામનો ૦ા દોકડો.

૮ ,, ૦ાા દોકડો.

૧૨ ,, ૦ાાા દોકડો.

---

૧૬ બદામનો ૧ દોકડો.
૨૦ ,, ૧ા દોકડો.
૨૪ ,, ૧ાા દોકડો.
૨૮ ,, ના ૧ાાા દોકડા.
૩૨ ,, ૨ દોકડા.
૪૦ ,, ૨ાા દોકડા.
૧૦૦ ,, ૬ા દોકડા.

એક આનાના ઉપઆના ૧૬.
એક ઉપઆનાની ૦ાા પાઇ
,, ,, ૬ા બદામ.
૩ પાઇની ૨૫ બદામ.
એકબદામનીવીસવાસી૧૬
દોકડા ૧ ના ફોકડા ૧૦૦.

મનોયત્ન ૬ ઠું.

૧. ૨૪ પૈસાના આના કેટલા ?
૨. ૧ાા મણના શેર કેટલા થાય ? ૩ાા મણના કેટલા ?
૩. ૨ાા શેરના રૂપીઆભાર કેટલા થાય ?
૪. ત્રાજુડીના એક પલ્લામાં ૧૫ રૂપીઆ મૂકીએ, તો બીજા પલ્લામાં ક્યાં કાટલાં મૂકીએ તો બરાબર તોળાઈ રહે?
૫. ૪૫ શેર, તે એક મણથી કેટલા શેર વધારે છે ?
૬. ૧ા મણમાંથી ૨ શેર લઇએ તો કેટલા શેર રહે ?
૭. ૩૨ શેર તે ૧ મણમાં કેટલા શેર ઓછા છે?
૮. ૨૦૦ શેરના મણ કેટલા ? ૩૨૦ શેરના કેટલા ?
૯. એક મણના રૂપીઆભાર કેટલા ?
૧૦ ત્રાજુડીમાં એક તરફ એક પાશેરો, અને એક નવટાંકી મૂકીએ, તો તેને બરાબર તોળવાને બીજી તરફ કેટલા પૈસા મુકવા પડે ?
૧૧. બે બેઆનીઓ મારી પાસે છે, તેના પૈસા લેવા હોય તો કેટલા મળે ?
૧૨. મારી પાસે એક અર્ધો રૂપીઓ છે, તેની બેઆનીઓ કેટલી આવશે ?
૧૩. ૭૫ બદામના પૈસા કેટલા? પાઇઓ કેટલી થાય?

૧૪. ૧॥ મણ અને ૫ શેર; તેના શેર કેટલા?

૧૫. ૧ મણ અનાજ છે, તેના પાંચશેર પાંચશેર જેવડા ઢગલા કરીએ તો કેટલા ઢગલા થાય?

૧૬. એક માણસ મારી પાસે ૭ આના માગતો હતો; તેને મેં એક અર્ધો રૂપીઓ આપ્યો. મેં કેટલું વધારે આપ્યું?

૧૭. મારી પાસે બે પાવલાં છે; તેના કેટલા પૈસા આવે?

૧૮. બે નવટાંકાં, અને એક અધોળ, તેના અધોળ કેટલા?

૧૯. ૩૬ પૈસાભારના અધોળ કેટલા?

૨૦. અઢીપાશેરના રૂપીઆભાર કેટલા થાય?

૨૧. ૧૦ રૂપીઆભાર તે કેટલા પૈસા ભાર થાય?

૨૨. ૧। શેરના પૈસાભાર કેટલા?

૨૩. ૧૫ શેર ઘઉંમાં ૫ શેર ઉમેરીએ તો કેટલા મણ થાય?

૨૪. ૧૧ રૂપીઆભારમાં ૪ રૂપીઆભાર ઉમેરીએ તો કુલ કેટલા અધોળ થાય?

૨૫. એક માણસ પાસે હું ૧૩ આના માગતો હતો, તેણે મને રૂ. ૧) આપ્યો. એણે કેટલા આના વધારે આપ્યા?

૨૬. ૦॥। મણ ઘીમાંથી ૨૫ શેર વાપર્યું; કેટલું રહ્યું?

૨૭. એક ઢગુની બદામો કેટલી?

૨૮. ૧॥ રૂપીઆના કેટલા પૈસા મળે?

૨૯. ૧૩ અધોળના રૂપીઆભાર કેટલા?

૩૦. ૨૫ રૂપીઆભારના અધોળ કેટલા?

૩૨. ૩૦ રૂપીઆભારનાં નવટાંકાં કેટલાં થાય?

૩૩. મારી પાસે ૩૦ પૈસા હતા; ને બીજી એક અધેલી મળી; બીજું કેટલું મળે તો રૂ. ૧ પૂરો થઇ રહે?

૩૪. ૧૮ પાઇઓના કેટલા પૈસા મળે?

૩૫. હું રૂપીઆ એકનું પરચુરણ લાવ્યો. એક અધેલી, એક પાવલી, એક બેઆની, અને બાકીના છૂટા પૈસા છે. પૈસા કેટલા હશે?

૩૬. ૧॥ રૂપીઆના દોકડા કેટલા ?

૩૭. ૫૯। દોકડા તે રૂ. ०॥ કરતાં કેટલા આના વધારે છે ?

૩૮. ૪૮ બદામના કેટલા દોકડા થાય ?

૩૯. ૫૨૫ બદામના કેટલા આના થાય ?

૪૦. ૩॥ આનાની બદામો કેટલી ?

૪૧. મારે શેર ૧॥ ઘી લેવું છે. કાટલું એકે નથી; પૈસા છે; કેટલા પૈસા મૂકીને જોખી લેવું ?

૪૨. શેર ०॥। અને એક નવટાંક; તેની અધોળીઓ કેટલી ?

૪૩. અઢી પાશેરના પૈસાભાર કેટલા થાય ?

૪૪. ૭ રૂપીઆભારમાં કેટલા રૂપીઆ ભાર ઉમેરીએ તો ०॥ શેર થાય ?

૪૫. ૨૫ શેર હતું તેમાં ૮ શેર નાંખ્યુ. મણમાં કેટલું ઓછું રહ્યું ?

૪૬. એક અધમણીઓ, એક તોલું, અને એક પાંચશેરી; એટલાં કાટલાં એક તરફ મૂકી અનાજ જોખીએ તો કેટલા શેર અનાજ જોખાય ?

૪૭. ०॥ મણ, તે ૨૮ શેરથી કેટલું ઓછું ?

૪૮. ૧॥ રૂપીઆભાર તે અધોળથી કેટલું ઓછું રહે ?

૪૯. ૧૦ પૈસાના આના કેટલા ? ઉપઆના કેટલા ?

૫૦. ૬ પાઇના ઉપઆના કેટલા ?

૫૧. ૧૮॥ દોકડાના આના કેટલા ? પાઇઓ કેટલી ?

૫૨. અર્ધો રૂપીઓ ને એક આનો, તેના પૈસા કેટલા આવે ?

૫૩. ૮૫ શેરમાં આખા મણ કેટલા છે ? કેટલા શેર વધે ?

૫૪. ૩૫ રૂપીઆભારના અધોળ કેટલા ? કેટલે અઢીએ ૩૫ ?

૫૫. ૨૦ મણના શેર કેટલા થાય ?

૫૬. ૩૦ દોકડાની બદામો કેટલી ?

૫૭. ૪ શેરના કાટલાથી કેટલીવાર જોખીએ તો ૧॥ મણ થાય?

૫૮. ૫॥ શેરનો ત્રીજો ભાગ કેટલા પૈસાભાર થાય?

૫૯. ૧॥ શેરનો લોટો ભરીને કેટલીવાર દૂધ લઇએ તો ૧ મણ થાય?

૬૦. એક વાસણમાં ૮ શેર ઘઉં માય છે. મારે બે મણ લેવા હોય તો તે વાસણ ભરીને કેટલી વાર લેવા?

મનોયત્ન ૭.

પરચુરણ.

૧. એક શેર દૂધીના બે પૈસા પડે છે. તો ૦॥ મણ દૂધીના કેટલા પૈસા પડે? તેના આના કેટલા થાય?

૨. એક માણસ રોજ ૨ શેર અનાજ ખાય છે, તેને ૧॥ મણ અનાજ કેટલા દિવસ ચાલશે?

૩. હું રોજ ૫ હિસાબ શીખું તો ૩૦ દિવસમાં કેટલા હિસાબ શીખાય?

૪. મને રોજના બે આના મળે, તો ૨૪ દિવસના મળીને કેટલા રૂપીઆ થાય?

૫. એક રૂપીઆનું ૨॥ શેર ઘી મળે છે, તો ૧ મણ લેવું હોયતો કેટલા રૂપીઆ આપવા પડે?

૬. કેરીઓનો ઢગલો હતો, તેમાંથી દરેકને ૩ શેર એ પ્રમાણે ૩૨ માણસોને આપી; હજુ ૪ શેર વધીછે. ઢગલામાં મૂળ કેટલી કેરીઓ હશે?

૭. મારી પાસે રૂ. ૧॥ હતા; તેમાંથી રૂ. ૦॥ ની ટોપી લીધી, બે આનાની એક ચોપડી લીધી, અને ૧૨ પૈસાની સ્લેટ લીધી; મારી પાસે શું વધ્યું?

૮. બાપ મરી ગયો ત્યારે તેનો છોકરો ૩૮ વરસનો હતો.

છોકરો જન્મ્યો હતો ત્યારે બાપ ૨૨ વરસનો હતો. બાપ કેટલા વર્ષની ઉમરે મરી ગયો?

૯. એક માણસ ૫૦ વરસ જીવ્યો. તેના મહિના કેટલા થાય? એક વરસના ૧૨ મહિના હોય છે.

૧૦. ૧। મણ ઘઉં હોય; અને તેમાંથી રોજ ૨ શેર ખાઇએ તો કેટલા દિવસ ચાલે?

૧૧. એક માણસને રોજ નવટાંક ઘી જોઇએ છે. તે ૨૦ દિવસમાં કેટલું ખાશે?

૧૨. ૨૦ દોકડામાં આખા આના કેટલા છે?

૧૩. રૂ. ૧॥ આઠ જણ વચ્ચે સરખે ભાગે વહેંચવાનો હોય તો દરેકને કેટલું આવે?

૧૪. બે પાઇ શેર લેખે પોણો મણ કારેલાં લેવાં હોય તો કેટલી પાઇઓ થાય? તેના આના કેટલા? પૈસા કેટલા?

૧૫. શે. ૧॥ પતાસાં ૧૨ છોકરાઓમાં સરખે ભાગે વહેંચ્યાં. દરેકને કેટલાં આવ્યાં?

૧૬. મારી પાસે ત્રણ બે આનીઓ, અને ૪ પૈસા છે. દરેક બ્રાહ્મણને પૈસો પૈસો દક્ષિણા આપીએ તો કેટલાને પહોંચે?

૧૭. ૮ પૈસા છે દરેકને બબે પાઇઓ આપીએ તો કેટલા જણને પહોંચે?

૧૮. દરેક જણ પાસેથી ૪ પૈસા ઉઘરાવીએતો ૧૬ માણસના મળીને કેટલા રૂપીઆ થાય?

૧૯. રૂ. ૦॥ ૮ માણસો વચ્ચે ઉઘરાવવાનો છે. દરેકને કેટલું આપવું પડશે?

૨૦. રૂ. ૦॥। ના આના કેટલા? પાવલાં કેટલાં? બે આનીઓ કેટલી? પૈસા કેટલા?

૨૧. ૧૮ અધોળમાં કેટલા અધોળ ઉમેરીએતો શે. ૧॥ થાય?

૨૨. ૧ મણના ૧૦ ભાગ પાડો. દરેકને શું આવ્યું?

૨૩. રૂ. પા ને એક બે આની આપીએ, તો રૂ. ૬ માં કેટલા આના ઓછા રહ્યા?

૨૪. ત્રણ નવટાંક ને બે અધોળ તે શે. ૦ાામાં કેટલું ઓછું અથવા વત્તું થાય?

૨૫. એકેક પાઇ આપીએ તો રૂ. ૦। કેટલા જણને પહોંચે?

૨૬. દરેક માણસ બે રૂપીઆભાર ઘી ખાય તો, શે. ૧ાા ઘી કેટલા માણસોને ચાલે?

૨૭. ત્રણ ત્રણ પૈસાભારની એક સોપારી લઇએ, તો શેર ૧ ની કેટલી સોપારી તોળાય?

૨૮. એક શેરના ત્રણ સરખા ભાગ પાડો.

૨૯. એક આનાના ત્રણ સરખા ભાગ પાડો.

૩૦. એક રૂપીઆના ત્રણ સરખા ભાગ પાડો.

૩૧. અઢી શેરનું એક માપ હોય તો તેવાં કેટલાં માપથી ૧ મણ થાય?

૩૨. એક અઢી શેરના માપની કિંમત એક આનો હોય, તો મણની શી કિંમત થાય?

૩૩. ૧ શેરનો ભાવ ૨ાા દોકડા ગણીએ તો મણનું શું થાય?

૩૪. એક અધોળના ચાર આના બેસે તો ૧ શેરના કેટલા રૂપીઆ બેસે ?

૩૫. એક પાવલું, ૭ પૈસા, ૯ પાઈ, ૧૨ાા દોકડા, અને ૨૫ બદામો, અને એક ઢબુ, એનો સરવાળો કરો.

૩૬. ૩ શેરના ૧૦ ભાગ પાડો; દરેક ભાગમાં કેટલું આવે? (છોકરાઓને શીખવવું કે ૧ાા–૩–૬ ઈ. ભાગો પાડવા હોય તો પૈસાભાર ગણવા, અને ૧ા, ૨ાા, ૫, ૧૦ ઈ. ભાગ પાડવા હોય તો રૂ. ભાર ગણવા.)

૩૭. મારી પાસે રૂ. ૧ાા હતો, તેમાંથી બે પૈસે શેર લેખે ૦ાાા મણ ને ૫ શેર કારેલાં લીધાં. શું વધ્યું ?

૩૮. ત્રાજવાના એક પલ્લામાં શેરીઓ મૂક્યો, બીજામાં ઘી અને ૫ રૂપીઆ મૂકીને જોખી લીધું. ઘી કેટલું થયું ?
૩૯. એક પલ્લામાં ઘી અને બીજામાં ૧૮ પૈસા અને ૧૫ રૂપીઆ મૂકીને જોખી લીધું. ઘીનું કેટલું તોલ થયું ?
૪૦. એક પલ્લામાં અચ્છેરો મૂક્યો છે. બીજામાં એક પાશેરોને પાંચ રૂપીઆ છે, તેની સાથે બીજા કેટલા પૈસા મૂકવા કે બરાબર તોળાઇ રહે?
૪૧. ૭શેર ઘી છે, ને જમનાર ૧૨ જણ છે; દરેકને કેટલું આવશે?
૪૨. દરેક માણસને ૮ પાઈ આપીએ તો રૂ. ૦ાા કેટલાં માણસને પહોંચે?
૪૩. રૂ. ૦ા=છે, દરેકને બે પૈસા આપીએ તો કેટલાને પહોંચે?
૪૪. ૧ પૈસાની ૬ પેનો લેખે ૯૬ પેનોના કેટલા રૂપીઆ પડે?
૪૫. ત્રણ આનાની ૧ લેખે રૂ.૩) ની કેટલી ટોપીઓ મળે?

વરસના ૧૨ મહિના.

૧. કાર્તિક. ૨. માગશર. ૩. પોસ. ૪. મહા. ૫. ફાગણ. ૬. ચૈત્ર. ૭. વૈશાખ. ૮. જેઠ. ૯. અસાડ. ૧૦. શ્રાવણ. ૧૧. ભાદરવો. ૧૨. આસો.

અઠવાડીઆના સાત વાર.

રવી. સોમ. મંગળ. બુધ. ગુરૂ. શુક્ર. શની.
એક મહિનાનાં પખવાડીઆં ૨. (૧. શુદ અથવા અજવાળીઉં, ૨. વદ અથવા અંધારીઉં.) અઠવાડીઆં ૪.

પખવાડીઆની પંદર તિથિઓ.

૧. પડવો. ૨. બીજ. ૩. ત્રીજ. ૪. ચોથ. ૫. પાંચમ. ૬. છઠ. ૭. સાતેમ. ૮. આઠેમ. ૯. નોંમ. ૧૦. દશમ. ૧૧. અગિયારશ ૧૨. બારશ. ૧૩. તેરશ. ૧૪. ચૌદશ. ૧૫. પૂનમ. (વદમાં અમાંસ.)

ખાસ કચ્છ માટે

ધાતો શી રીતે શીખવવી તે પાને ૨૨ મે જુઓ.

	નવા.	જૂના.
શેરનાદોકડાભાર	**૪૦.**	**૩૨.**
૦॥। શેરના ,,	૩૦.	૨૪.
૦॥ ,, ,,	૨૦.	૧૬.
૦। ,, ,,	૧૦.	૮.

જૂના	નવા	દોકડા ભારે		
૮	૧૦	,,	૦।	શેર.
૧૬	૨૦	,,	૦॥	શેર.
૨૪	૩૦	,,	૦॥।	શેર.
૩૨	૪૦	,,	૧	શેર.
૪૦	૫૦	,,	૧।	શેર.
૪૮	૬૦	,,	૧॥	શેર.
૫૬	૭૦	,,	૧॥।	શેર.
૬૪	૮૦	,,	૨	શેર.
૮૦	૧૦૦	,,	૨॥	શેર.

૧। દોકડા ભારનો ૧ જૂના દો.ભા.

		બીજે	
		ભૂજ.	
સૈ ૧ નાં માપ	**૮**	**૪**	**૬.**
૦॥। સૈનાં ,,	૬	૩	૪॥.
૦॥ સૈનાં ,,	૪	૨	૩.
૦। સૈનાં ,,	૨	૧	૧॥.

ભૂજ.	બીજે				
૨	૧	૧॥	માપની	૦।	સૈ.
૪	૨	૩	,,	૦॥	સૈ.
૬	૩	૪॥	,,	૦॥।	સૈ.
૮	૪	૬	,,	૧	સૈ.

	કાચા શેર.
મણ ૧ ના શેર	**૪૮.**
૦॥। મણના શેર.	૩૬.
૦॥ ,, ના શેર.	૨૪.
૦। ,, ,,	૧૨.

૧૨	શેરે	૦।	મણ.
૨૪	,,	૦॥	,,
૩૬	,,	૦॥।	,,
૪૮	,,	૧	,,
૬૦	,,	૧।	,,
૭૨	,,	૧॥	,,
૮૪	,,	૧॥।	,,
૯૬	,,	૨	,,
૧૨૦	,,	૨॥	,,

પાકા શેરને માટે જુઓ પાને ૨૩.

માપ ૧ ની પાટવી (પાલી)	**૮.**
૦॥। માપની ,,	૬.
૦॥ ,, ,,	૪.
૦। ,, ,,	૨.

૨	,,	૦।	માપ.
૪	,,	૦॥	,,
૬	,,	૦॥।	,,
૮	,,	૧	,,
૧૦	,,	૧।	,,
૧૨	,,	૧॥	,,
૧૪	,,	૧॥।	,,
૧૬	,,	૨	,,
૨૦	,,	૨॥	,,

પાલી ૧ નાં પવાલાં અથવા
ચોથાલાં ૪.
૪ પાલીનું માણું. (?)

કોરી ૧ નાં આધીયાં ૨.
કોરી ૧ નાં પાયલાં. ૪.
કોરી ૧ ના ઢબુ. ૮.
કોરી ૧ ના ઢીંગલા. ૧૬.
કોરી ૧ ના દોકડા. ૨૪.
કોરી ૧ ના ત્રાંબીયા. ૪૮.
કોરી ૧ ના રેસ ૧૦૦.

કોરી ૧ ના ઢીંગલા ૧૬.

૦૫ કોરીના	,,		૧૨.
૦॥	,,	,,	૮.
૦।	,,	,,	૪.
૪ ઢીંગલાની	૦।	કોરી.	
૮	,,	૦॥	,,
૧૨	,,	૦૫	,,
૧૬	,,	૧	,,
૨૦	,,	૧।	,,
૨૪	,,	૧॥	,,
૨૮	,,	૧૫	,,
૩૨	,,	૨	,,
૪૦	,,	૨॥	,,

કોરી ૧ ના દોકડા ૨૪.

૦૫ કોરીના	,,		૧૮.
૦॥	,,	,,	૧૨.
૦।	,,	,,	૬.
૬ દોકડાની	૦।	કોરી.	
૧૨	,,	૦॥	,,
૧૮ દોકડાની	૦૫	કોરી.	
૨૪	,,	૧	,,
૩૦	,,	૧।	,,
૩૬	,,	૧॥	,,
૪૨	,,	૧૫	,,
૪૮	,,	૨	,,
૬૦	,,	૨॥	,,

કોરી ૧ ના ત્રાંબીઆ ૪૮.

૦૫ કોરીના	,,		૩૬.
૦॥	,,	,,	૨૪.
૦।	,,	,,	૧૨.
૧૨ ત્રાંબીઆની	૦।	કોરી.	
૨૪	,,	૦॥	,,
૩૬	,,	૦૫	,,
૪૮	,,	૧	,,
૬૦	,,	૧।	,,
૭૨	,,	૧॥	,,
૮૪	,,	૧૫	,,
૯૬	,,	૨	,,
૧૨૦	,,	૨॥	,,

ઢબુ ૧ ના ઢીંગલા ૨.
ઢબુ ૧ ના દોકડા ૩.
ઢબુ ૧ ના ત્રાંબીઆ. ૬.

ઢીંગલા ૧ નો દોકડો ૧॥.
ઢીંગલા ૧ ના ત્રાંબીઆ ૩.

દોકડા ૧ ના ત્રાંબીઆ ૨.
દોકડા ૧ ના ફોકડા ૧૦૦.
દોકડા ૧ ની બદામો ૧૬.

૧. એક સૈ અનાજ લેવું હોય તો કેટલા માપ ભરી લેવા?
૨. ૧ાા કોરીના દોકડા કેટલા? ઢીંગલા કેટલા? ત્રાંબીઆ કેટલા?
૩. કેટલા ત્રાંબીઆનો ૦ાા કોરી જેટલો માલ મળે?
૪. પાકો શેર વજનમાં ભારે કે કાચો શેર?
૫. કાચા ૧૨ શેરનું વજન પાકા કેટલા શેર બરાબર થાય?
૬. કેટલા નવા દોકડાભાર જૂના ૨ દોકડાભાર બરાબર થાય?
૭. ૧૫ દોકડાભારના જૂના દોકડાભાર કેટલા? અધેળ કેટલા?
૮. ૧૬ જૂના દોકડાભારના અધેળ ને અર્ધા અધેળ કેટલા?
૯. કેટલી પાલીઓ ભરતાં ૧ાા માપ ઘઉં લેવાય?
૧૦. દોકડાભાર ને દોકડો એમાં શો ફેર?
૧૧. ત્રણ નવટાંક કેટલા દોકડાભાર? જૂના દોકડાભાર કેટલા?
૧૨. ૪ ઢબુના જેટલી કિંમત કેટલા ઢીંગલાની થાય?
૧૩. ૧૪ ઢીંગલાના ઢબુ કેટલા? ૯ ઢબુના ઢીંગલા કેટલા?
૧૪. કેટલી બદામની કિંમત ૧ ઢીંગલા જેટલી થાય?
૧૫. રૂપીઆની ૪ કોરી ગણતાં ૬ કોરીના કેટલા રૂપીઆ?
૧૬. તેજ ભાવે ૯૬ ત્રાંબીઆના રૂપીઆ કેટલા?
૧૭. ૧૬ ઢીંગલાના ત્રાંબીઆ કેટલા? ૨ ઢીંગલાના કેટલા?
૧૮. ૧૮ ત્રાંબીઆના ઢીંગલા કેટલા? દોકડા કેટલા?
૧૯. ૨૪ દોકડાનાં પાવલાં કેટલાં? ૩૬ દોકડાનાં કેટલાં?
૨૦. ૧૮ ત્રાંબીઆ એ કેટલા ઢબુની બરાબર છે?
૨૧. એક રૂપીઆની ૪ કોરી ગણીએ તો ત્રાંબીઆ અને પાઈમાં શો ફેર? પૈસાને ઢીંગલામાં શો ફેર?
૨૨. ઉપરને ભાવે ચાર પૈસાના ત્રાંબીઆ કેટલા?
૨૩. તેજ ભાવે ૪ આનાના ઢીંગલા કેટલા? ૬ આનાના ત્રાંબીઆ કેટલા? પાવલાં કેટલાં?
૨૪. ૭ ઢીંગલા એ ૨૦ ત્રાંબીઆથી કેટલા વધારે?

૨૫. ૧૦ દોકડામાં કેટલા ત્રાંબીઆ ઉમેરતાં આધીયું થાય ?

૨૬. એક ચોપડીનું પાયલું ઠરાવીને ૯ ત્રાંબીઆ આપ્યા. બીજું શું આપવું પડશે ?

૨૭. એક ટોપીના ૭ ઢીંગલા ઠરાવીને તેને આધીયું આપ્યું. એ મને શું પાછું આપે ?

૨૮. ૧૫ ઢીંગલા તે ૨૩ દોકડાથી કેટલી ઓછી કિંમતના ?

૨૯. ૮૦ ઢીંગલાની કોરી કેટલી ? પાયલાં કેટલાં ? દોકડા કેટલા ?

૩૦. ૯૪ ઢીંગલામાં શું ઉમેરીએ તો ૬ કોરી થાય ?

૩૧. કેટલી પાટવી ધાન્ય ૨ માપમાં ૨ પાટવી ઓછું રહે ?

૩૨. ૧॥ પાલી ધાન્ય તે ૮ પવાલાંથી કેટલું ઓછું થયું ?

૩૩. ૧॥ પવાલું ધાન્ય માય તેવું એક વાસણ બનાવીએ તો ૧॥ માપ લેવું હોય તો કેટલી વાર તે ભરી લેવું ?

૩૪. ૩॥ માપની પાટવી કેટલી ? બીજા કેટલાં ચોથાલાં ઉમેરીએ તો ૪ માપ થાય ?

૩૫. ૯૬ જૂના દોકડાભારના શેર કેટલા ? ૧૫ પાકા શેરના કાચા શેર કેટલા ? ૩૦ કાચા શેરના પાકા શેર કેટલા ?

૩૬. કેટલા સવાયાના ૨૦ ઢીંગલા, કે ૪૫ ત્રાંબીઆ થાય ?

૩૭. કેટલા ઢીંગલાભારના ૩ શેર થાય ? કેટલા દોકડાભાર તે ઢીંગલાભાર ?

૩૮. ૧૬ ઢીંગલાના રેસ કેટલા ? ૪ ઢીંગલાના કેટલા ?

૩૯. એક ઢીંગલાના કેટલા રેસ ? કેટલા ફોકડા ?

૪૦. એક આધીયું આપીએ તો ૩ ઢીંગલા, ૪ દોકડા ને ઉપર કેટલા ત્રાંબીઆ મળે ?

૪૧. બે પાયલાં, ૩ ઢીંગલા, ૪ દોકડા, ને ૯ ત્રાંબીઆ, એનો સરવાળો કરો.

૪૨. ૭॥ દોકડામાંથી ૨ ઢીંગલા ને ૩ ત્રાંબીઆ બાદ કરો.

